પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૯૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૯-૧૨-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ભાજપે માધવસિંહનો રેકોર્ડ તોડ્યો

# ગુજરાતમાં એકવાર ફરી મોદીનો જાદુ ચાલ્યો : ૧૨મીએ ભવ્ય શપથવિધિ સમારોહ






અમદાવાદ,

ભાજપનું ગુજરાતમાં ૨૭ વર્ષથી શાસન છે, પરંતુ ભાજપ અત્યાર સુધી માધવસિંહ સોલંકીનો ૧૪૯ બેઠકોનો રેકોર્ડ તોડી શકી ન હતી. પરંતુ ભાજપે હવે એ પણ હાંસિલ કરી દીધું છે. ભાજપે માધવસિંહનો ૧૪૯ સીટનો રેકોર્ડ તોડ્યો છે. ત્યારે હવે કોઈ કહી નહિ શકે કે, ભાજપે બહુમત તો મેળવી પણ માધવસિંહનો રેકોર્ડ તોડી શકી નથી, ભાજપે આજે ૧૫૬ થી વધુ બેઠકો પર લીડ મેળવીને આ વાત પર પણ પૂર્ણવિરામ મૂક્યું છે.ભાજપની જીતની ચારેતરફ ઉજવણી કરવામાં આવી હતી કમલમમાં ઉજવણી સવારથી શરૂ થઇ ગઇ હતી ફટાકડા ફોડીને ઉમેદવારો જીતની ઉજવણી કરતા જોવા મળ્યા હતાં કમલમમાં ઢોલનગારાના તાલે ઉજવણી કરી હતી અને ગરબા રમ્યા હતાં જીત બાદ દિગ્ગજ નેતાઓ કમલમ પહોંચી ગયા હતાં કહેવાય છે કે, આવતીકાલે અથવા ૧૦મી ડિસેમ્બરે કમલમ ખાતે ભાજપના નવા ચૂંટાયેલા ધારાસભ્ય દળની બેઠક યોજાશે. સુત્રોના જણાવ્યા અનુસાર ૧૨ ડિસેમ્બરના રોજ અમદાવાદ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે નવી સરકારની શપથવિધિની શક્યતા ચર્ચાઈ રહી છે. આ માટે ભવ્ય સમારોહ યોજાશે.

ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકોમાંથી ભાજપે ૧૫૬ બેઠકો કોંગ્રેસને ૧૭ અને આપને પાંચ બેઠકો અને અન્ય ૪ બેઠકો પર સરસાઈ મળી છે. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ઈતિહાસ સર્જયો છે અને ૧ લાખ ૯૨ હજાર મતોની સરસાઈ મેળવી હાંસલ કરી છે આ સાથે જ જ્યાં જ્યાં ભાજપ જીત્યું છે ત્યાં ઉજવણી કરવામાં આવી હતી અનેક બેઠકો પર ઉમેદવારોએ ફટાકડા લાવીને ફોડવામાં આવ્યા હતાં.

ભાજપની જીત વિશે ભાજપના નેતાએ કહ્યું કે, ગુજરાતની જનતાએ બતાવી દીધું કે, અમને તુષ્ટીકરણ અને મફતમાં રસ નથી, અમને માત્ર વિકાસ અને ભાજપમાં રસ છે. આ ભાજપના ભરોસાની જીત છે. માધવસિંહ સોલંકીનો રેકોર્ડ તોડવા અમે જઈ રહ્યાં છે. અમને પ્રધાનમંત્રી મોદી પર ભરોસો છે. એ યાદ રહે કે ભાજપની પ્રચંડ જીતના કારણો જોઈએ તો સી આર પાટીલ ગુજરાત ભાજપના અધ્યક્ષ બનતા જ તેમણે ૨૦૨૨ ચૂંટણીની પૂર્વ તૈયારીના ભાગરૂપે પેજ પ્રમુખ અભિયાનની શરૂઆત કરી હતી. આ અભિયાનમાં બુથના પેજ માટે પ્રમુખની નિમણૂંક કરવામાં આવી હતી. આ બાદ, જમીનીસ્તરે આ પેજ પ્રમુખો દ્વારા પ્રચાર અને વોટ શેયર વધારવા ખુબ મહેનત કરવામાં આવી હતી, આ સાથે જ, વડાપ્રધાન મોદી, સી આર પાટીલ સહિતના અનેક હોદેદારો દ્વારા આ પેજ પ્રમુખો સાથે સંવાદ કરવામાં આવતો હતો. આથી, અભિયાનમાં બુથ મેનેજમેન્ટ અને માઈક્રો પ્લાનિંગમાં ખુબ જ મહત્વનો ફાળો મળ્યો છે.

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨માં ત્રિપાંખિયો જંગ જોવા મળતો હતો. આ વખતે આમ આદમી પાર્ટીએ પણ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું. આથી, ૨૦૧૭ને જેમ કોંગ્રેસ સામે માત્ર ભાજપ જ હતું, પરંતુ આ વખતે AAPએ ચૂંટણી લડવાનો સંકલ્પ લેતા કોંગ્રેસ સામે માત્ર ભાજપ જ નહીં આપ પણ યુદ્ધમાં સામેલ હતું. આથી, કોંગ્રેસના વધુ પ્રમાણમાં વોટ શેર ઓછા કરીને આમ આદમી પાર્ટીએ તે વોટ શેર તેમણે મેળવ્યા હતા. આથી, કોંગ્રેસને ભાજપ કરતા વધુ નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. જેની સામે ભાજપને એટલું નુકસાન ભોગવવું પડ્યું નથી. આમ, આમ આદમી પાર્ટી પણ ભાજપને વધુ બેઠકો મળવાનું કારણ બની શકે છે.

ગુજરાતમાં ચૂંટણીની જાહેરાત થતા જ, ગુજરાતમાં ભાજપના કેન્દ્રીય નેતાઓનો રાફળો ફાટ્યો હતો. ભાજપે તેમના તમામ નેતાઓને ગુજરાતના ચૂંટણી જંગમાં ઉતારી દીધા હતા. જેમાં, ભાજપ અધ્યક્ષ જે પી નડ્ડા, વડાપ્રધાન મોદી, અનિત શાહ, યોગી આદિત્ય નાથ, સ્મૃતિ ઈરાની સહિતના અન્ય ભાજપ શાસિત રાજ્યના મુખ્યમંત્રીઓને પ્રચારમાં ઉતારી દીધા હતા. આ ઉપરાંત, પ્રચારના છેલ્લા દિવસોમાં વડાપ્રધાન મોદી દ્વારા અમદાવાદમાં ૩૨ કિમીનો રોડ શો પણ કરવામાં આવ્યો હતો. જેમાં વડાપ્રધાનને સારો પ્રતિસાદ મળ્યો હતો. આ તમામ પ્રકારના પ્રચારે પણ ભાજપને તેમની રેકોર્ડ બેઠક મેળવવામાં ફાયદો કરાવ્યો છે.

છેલ્લા ૨૭ વર્ષથી ગુજરાતમાં ભાજપની સત્તા છે, આથી, એટલા વર્ષોથી કોંગ્રેસને સત્તા મળી નથી. જોકે, છેલ્લા, ૨૦ વર્ષથી કોંગ્રેસની બેઠકોમાં સતત વધારો જોવા મળી રહ્યો હતો, પરંતુ આ વખતે કોંગ્રેસને તે ફાયદો મળી શક્યો નહીં. આ સાથે જ, કોંગ્રેસ પાસે ખાસ કોઈ મૂદ્દો જોવા મળ્યો નહી, અને તેની સામે કોંગ્રેસ પ્રચારથી પણ દૂર હોય તેવું લાગી રહ્યું હતું. આ સાથે જ, કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ પણ ગુજરાતમાં જોવા મળ્યા ન હતા. જોકે, રાહુલ ગાંધી ભારત જોડો યાત્રા કરી રહ્યા છે, જેને લઈને તેઓ માત્ર એક વખત દક્ષિણ ગુજરાતમાં એક પ્રચાર કરવા પહોંચ્યા હતા. આથી, કોંગ્રેસ ગુજરાતમાં મોટા ચહેરાથી વંચિત જોવા મળી હતી.

## કોંગ્રેસના ગઢ તૂટ્યા : અમરેલી, ધોરાજી, ઉના, પડધરી, સુરેન્દ્રનગર, સોમનાથ, જૂનાગઢમાં કારમો પરાજય

વિધાનસભા ચૂંટણીના પરિણામો જેમ જેમ આવી રહ્યા છે તેમ તેમ કોંગ્રેસ છાવણીમાં ઘોર નિરાશાનો માહોલ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને અત્યાર સુધીમાં જાહેર થયેલા પરિણામો પર એક નજર કરવામાં આવે તો કોંગ્રેસના ગઢ રીતસરના ધરાશાયી થઈ જવા પામ્યા છે. અત્યાર સુધી અમરેલી, ધોરાજી, ઉના, પડધરી, મોરબી સહિતની બેઠકો કોંગ્રેસના ગઢ ગણાતાં હતા અને અહીં કોંગ્રેસના જ ઉમેદવારો જીતતા આવ્યા છે પરંતુ આ વખતની ચૂંટણીમાં જાણે કે પરિવર્તન આવ્યું હોય તેમ તમામ બેઠકો ઉપર ભાજપના ઉમેદવારો સડસડાટ આગળ ચાલી રહ્યા છે. અમરેલી બેઠક ઉપર પરેશ ધાનાણી, ધોરાજી બેઠક ઉપર લલિત વસોયા, ઉના બેઠક પરથી પૂંજા વંશ, પડધરી-ટંકારા બેઠક ઉપર લલિત કગથરા સતત પાછળ ચાલી રહ્યા હોવાથી હવે તેમનું જીતવું લગભગ અશક્ય બની ચૂક્યું છે. બીજી બાજુ સુરેન્દ્રનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, મોરબી સહિતની બેઠકો એવી છે જ્યાં ૨૦૧૭માં ભાજપની માંડ માંડ એન્ટ્રી થઈ શકી હતી ત્યાં અત્યારે ભાજપ સોળે કળાએ ખીલી ઉઠ્યું છે.

એકંદરે જોવા જઈએ તો અમરેલી, ધોરાજી, ઉના, પડધરી-ટંકારા સહિતની બેઠકો ઉપર આમ આદમી પાર્ટીની એન્ટ્રીથી ખાસ્સો ફરક પડ્યો છે અને કોંગ્રેસના ગઢ તૂટવામાં આપનો સિંહફાળો દેખાઈ રહ્યો છે. અનેક બેઠકો એવી છે જ્યાં અત્યારે આમ આદમી પાર્ટીના ઉમેદવારો બીજા તો કોંગ્રેસના ઉમેદવારો ત્રીજા ક્રમે ધકેલાઈ ગયા છે.

આ સ્થિતિ જોતાં લોકો સ્પષ્ટ કહી રહ્યા છે કે હવેની ગુજરાતની તમામ ચૂંટણી ભાજપ અને આમ આદમી પાર્ટી વચ્ચે જ લડાય તો નવાઈ પામવા જેવું નહીં રહે અને કોંગ્રેસને લોકો માત્ર અપક્ષ ગણીને જ આગળ ચાલશે !! હવે જોવાનું એ રહ્યું કે પરિણામના અંતે કોંગ્રેસના ફાળે કેટલી બેઠક આવે છે અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો કેટલી બેઠક જીતી શકે છે. આ બધાનો જ ફાયદો ભાજપને અવશ્ય મળી રહ્યો છે અને પક્ષ ઐતિહાસિક જીત તરફ સડસડાટ આગળ વધી રહ્યો છે.

## કોંગ્રેસના રકાસ માટે પ્રદેશ ઉપપ્રમુખ ઠાકોરે ચૂંટણી પંચ પર ઠીકરું ફોડયું : પરાજય સ્વીકાર્યો

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામો આજે જાહેર થયા છે જેમાં કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયા છે અને કોંગ્રેસના દિગ્ગજ નેતાઓને હારનો સામનો કરવો પડયો છે અને કોંગ્રેસ વિરોધ પક્ષનો દરજજો પણ હાંસલ કરે તેટલી બેઠકો જીતી શકી નથી જયારે આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં પોતાનું ખાતુ ખોલ્યું છે અને તે રાષ્ટ્રીય પાર્ટી બની ગઇ છે.

જાહેર થયેલા પરિણામોમાં ભાજપની પ્રચંડ જીત અને કોંગ્રેસના રકાસ થતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના ઉપપ્રમુખ જગદીશ ઠાકોરે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે ચૂંટણી પંચ ભાજપ સરકારના ઘુંટણિયે પડી ગયું હતું.ચૂંટણી પરિણામોમાં કોંગ્રેસની દયનીય હાલત થઈ છે. ત્યારે ઠાકોરે વધુમાં જણાવ્યું હતું કે ભાજપે ચૂંટણીમાં અસામાજિક તત્વોનો ઉપયોગ કર્યો હતો.તેમણે ભાજપની પ્રચંડ બહુમતી માટે અને કોંગ્રેસના રકાસ માટે ચૂંટણી પંચ પર ઠીકરું ફોડયું હતું.

ગુજરાતના પરિણામો પહેલા કોંગ્રેસ દાવો કરી રહી હતી કે કોંગ્રેસની સરકાર ગુજરાતમાં આવશે અને કોંગ્રેસ કાર્યાલય ખાતે પરિવર્તન ઘડિયાળ પણ લગાવવામાં આવી હતી તે બંધ કરી દેવામાં આવી હતી જેમ જેમ ચુંટણીના પરિણામ આવતા ગયા તેમ તેમ કોંગ્રેસના કાર્યકરોમાં નિરાશા છવાઈ ગઈ હતી અને કોંગ્રેસ કાર્યાલય સન્નાટો છવાઈ ગયો હતો અને કોંગ્રેસ કાર્યાલયમાં કોઈ વરિષ્ઠ નેતા પણ હાજર રહ્યાં ન હતાં.

આજે ગુજરાત ચૂંટણીના પરિણામમાં ભાજપને ઐતિહાસિક જીત પ્રાપ્ત થઈ છે, ત્યારે કમલમ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે ગુજરાતની જનતાનો આભાર માન્યો હતો અને આ આ વિજય પરચમ લહેરાવનારા હિરો નરેન્દ્ર મોદી છે તેમ જણાવ્યું હતું.

વિસનગર વિધાનસભા બેઠક પર ભાજપના ઋષિકેશ પટેલની ફરીથી જીત થઈ છે. તો કોગ્રેંસના કિરીટ પટેલની કારમી હાર થઈ છે.કોંગ્રેસના ગઢ ગણાતા ઉના બેઠક પર ભાજપના કાળુ રાઠોડની જીત થઈ છે. જ્યારે કોંગ્રેસના પુંજાભાઈ વંશની હાર થઈ છે.

સુરતની વરાછા બેઠક પર આ વખતે કાકા-ભત્રીજા વચ્ચેની લડાઈ હતી. આ બેઠક પર કુમાર કાનાણીની જીત થઈ છે,જ્યારે આપ ઉમેદવાર અલ્પેશ કથિરિયાની હાર થઈ છે.રાજકોટ જિલ્લાની ગ્રામ્ય બેઠક પર ભાજપ ઉમેદવાર જયેશ રાદડિયાની જીત થઈ છે.તેઓએ ૭૬૦૦૦ વધુ લીડથી જીત મેળવી છે. આ સાથે જયેશ રાદડિયાએ જનતાનો આભાર માન્યો છે. જામનગર ઉત્તર બેઠક પર ભાજપના રિવાબા જાડેજાની જીત થઈ છે,.

## દિલ્હીની બહાર પણ ભારત વસે છે : મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રચુડ

નવીદિલ્હી,

દિલ્હી હાઈકોર્ટના એસ બ્લોક ભવનનું ઉદ્ઘાટન કરતા મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાઈ ચંદ્રચુડે કહ્યું કે દિલ્હીના બહાર પણ એક ભારત વસે છે.આપણે તેની બાબતમાં જાણવું પડશે તેમણે કહ્યું કે જીલ્લા અદાલતો પર આપણે ધ્યાન આપવું પડશે તેમણે કહ્યું કે ન્યાયના અધિકારને સાકાર કરવામાં એક મહત્વપૂર્ણ ઘટક એ સુનિશ્ચિત કરવાનું છે કે સમગ્ર ન્યાયિક ઈન્ફ્રાસ્ટ્રકચર હોય જે જીલ્લા સ્તરીય અદાલતોથી શરૂ થશે. તેમણે કહ્યું કે ઔપનિવેશિક કાળમાં ઈમારતોના વાસ્તુશિલ્પનો ભય પેદા કરવા માટે બનાવવામાં આવ્યા હતાં.ન્યાય મેળવનારાઓના મનમાં ભય પેદા કરવાની ભાવનાથી બનાવવામાં આવ્યા હતાં અને ન્યાય આપનારા અને ન્યાય જેના માટે કરવામાં આવે છે તેમની વચ્ચે વિભાજન માટે આમ કરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે મારૂ માનવુ છે કે ભારત રાજધાનીથી પર પણ વસે છે.

મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું કે ન્યાયને લઈ સમજ હવે ખુબ બદલાઈ ગઈ છે અને હવે એ વાતના પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે કે લોકો આપણા સુધી પહોંચે તેની જગ્યાએ લોકો સુધી પહોંચી શકાય.અત્યાધુનિક ઈમારતનું ઉદ્ઘાટન કરતા ન્યાયમૂર્તિ ચંદ્રચુડે કહ્યું કે આ ઈમારત આધુનિકતાને લોકતાંત્રિકતાની સાથે જોડે છે અને દિલ્હી હાઈકોર્ટ ખુદ ન્યાયશાસ્ત્રના રાજકીય વર્તુળોમાં તાજી હવાને ભેળવે છે.

તેમણે એ વાત પર ભાર મુકયો કે ન્યાયિક પ્રણાલી અને અદાલતો લોકતાંત્રિક સમાવેશી અને સમાન રૂપથી સુલભ થવી જોઈએ અને તેની ડિઝાઈનને વિવિધ પૃષ્ઠભૂમિના લોકોને સમાયોજિત કરવી જોઈએ જેથી સાર્થક ભાગીદારી સંભવ થઈ શકે સીજેઆઈએ કહ્યું કે ઈ કોર્ટ પરિયોજનાનું એક લક્ષ્ય કુશલ અદાલત પ્રબંધનના માધ્યમથી ગુણાત્મક અને ત્વરિત ન્યાય પ્રદાન કરવાનું છે અને ન્યાયિક બુનિયાદી માળખુ અને ગુણવત્તા અને ન્યાયની ગતિની વચ્ચે એક સકારાત્માક સંબંધ લાંબા સમયથી સ્થાપિત છે. તેમણે ન્યાય વિતરણ અને કાનુની સુધારાને રાષ્ટ્રીય મિશન બતાવ્યું છે કે વિલંબને ઓછો કરવા માટે યોગ્ય ન્યાયિક બુનિયાદી માળખુ એક પૂર્વ શર્ત છે.

## સસ્તી આયાતને ફરી વેગ : દેશમાં સસ્તા પામતેલની આયાત બમણી થઈ નવેમ્બરમાં ૧૧.૪ લાખ ટન સુધી પહોંચી

નવીદિલ્હી,

દેશમાં ખાદ્યતેલોમાં સસ્તી આયાતને ફરી વેગ મળવા લાગ્યો છે જેના કારણે સ્થાનિક બજારમાં ખાદ્યતેલોની કિંમતમાં ઘટાડો આવ્યો છે. દેશમાં પામતેલની આયાત લાંબાસમય બાદ ફરી ઝડપી વધી રહી છે. નવેમ્બર દરમિયાન દેશમાં પામતેલની આયાત બમણી (૧૧૧%)થી વધીને ૧૧.૪ લાખ ટન થઈ છે. ગયા વર્ષે નવેમ્બરમાં ૫,૩૯,૬૩૯ લાખ ટન પામતેલની આયાત કરવામાં આવી હતી. ભારત પામતેલનો સૌથી મોટો ખરીદદાર છે. અન્ય ખાદ્યતેલ કરતાં સસ્તું હોવાને કારણે તેની આયાત છેલ્લા મહિનામાં ઝડપથી વધારો જોવા મળ્યો છે. પામતેલની આયાત જે રીતે વધી રહી છે અને સ્થાનિકમાં તેલીબિયાં પાકોની સિઝન હોવાથી આગળ જતા કિંમતોમાં વધુ ઘટાડો થાય તેવા સંકેતો મળી રહ્યાં છે. જીજીએન રિસર્ચના મેનેજિંગ પાર્ટનર રાજેશ પટેલના જણાવ્યા અનુસાર ખરીદદારોએ નવેમ્બર શિપમેન્ટ માટે મોટાભાગે



ઓક્ટોબરમાં ઓર્ડર આપ્યા હતા જ્યારે હરીફ સોયાતેલ અને સનફ્લાવરતેલની સરખામણીમાં પામતેલ લગભગ ઈ૫૦૦ (આશરે રૂ.૪૧,૩૦૦) પ્રતિ ટન સસ્તું હતું. તે સમયે ઈન્ડોનેશિયા તેના સ્ટોકને ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યું હતું.

ગ્લોબલ ટ્રેડિંગ ફર્મના ડીલરે જણાવ્યું હતું કે ડિસેમ્બરમાં પણ પામતેલની આયાત લગભગ ૧૦ લાખ ટન થવાની ધારણા છે. પરંતુ પામતેલની સરખામણીમાં સોયા તેલ પરનું ડિસ્કાઉન્ટ થોડા અઠવાડિયાથી ઘટી રહ્યું છે. આ કારણે જાન્યુઆરીથી તેની આયાતમાં ઘટાડો થઈ શકે છે. જાન્યુઆરીમાં શિપમેન્ટ માટે ક્રૂડ પામતેલની કિંમત ઈ૧,૦૧૫ પ્રતિ ટન છે, જ્યારે ક્રૂડ સોયાતેલની કિંમત ઈ૧,૨૮૦ પ્રતિ ટન છે.

## મહારાષ્ટ્ર-કર્ણાટક સીમા વિવાદમાં અમિત શાહની એન્ટ્રી, વિપક્ષની સર્વપક્ષીય બેઠક બોલાવવાની માંગ

મુંબઈ,

મહારાષ્ટ્ર સરકારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને કર્ણાટક સાથે સીમા વિવાદને લઈને ઉભી થયેલી હાલની સ્થિતિના સમાધાન માટે હસ્તક્ષેપ કરવાની માંગ કરી છે. બીજી તરફ વિપક્ષે આ મામલે સર્વપક્ષીય બેઠક બોલાવવાની માંગ કરી છે અને સીમા મુદ્દે ભારતીય જનતા પાર્ટી અને કેન્દ્ર પર નિશાન સાધ્યુ હતું.

મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું કે, તેમણે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે વાત કરી છે અને તેમણે છેલ્લા એક સપ્તાહમાં કર્ણાટક સાથે થયેલા સીમા વિવાદ સાથે સબંધિત ઘટના ક્રમની જાણકારી આપી છે. ફડણવીસના કાર્યાલય દ્વારા જારી કરાયેલા નિવેદન પ્રમાણે શાહે દાયકાઓ જૂના સરહદ વિવાદ પર મહારાષ્ટ્રના વલણ અંગે ડેપ્યુટી સીએમની રાયને ધીરજપૂર્વક સાંભળ્યો હતો.

છેલ્લા કેટલાક દિવસોમાં સીમા વિવાદ વધવાને કારણે બંને રાજ્યોમાં સરહદી વિસ્તારોમાં તણાવ ઉભો થયો છે. ફડણવીસે શાહને મંગળવારે કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્માઈ સાથે થયેલી ટેલિફોનિક વાતચીતની પણ જાણકારી આપી હતી. ફડણવીસે પત્રકારોને જણાવ્યું હતું કે, તેમણે આ મામલે કેન્દ્રીય ગૃહમંત્રી શાહની દરમિયાનગીરીની માંગ કરી છે. તેમણે કહ્યું કે, મહારાષ્ટ્રથી જતા વાહનોની તોડફોડ સારી બાબત નથી. બે રાજ્યો વચ્ચે આવી સ્થિતિ યોગ્ય નથી. અમિત શાહને જાણ કરી છે કે, મેં ગઈ કાલે કર્ણાટકના મુખ્યમંત્રી સાથે વાત કરી હતી અને વિનંતી કરી છે કે, તેમણે પણ બોમ્માઈ સાથે વાત કરવી જોઈએ. શાહે કહ્યું કે, તેઓ આ મામલાની તપાસ કરશે.

બીજી તરફ કોંગ્રેસે એવો આક્ષેપ કર્યો હતો કે, કર્ણાટક સાથેનો સીમા વિવાદ ભાજપ દ્વારા મહારાષ્ટ્રને વિભાજન કરવાના ષડયંત્રના ભાગરૂપે ઉશ્કેરવામાં આવી રહ્યો છે અને મુખ્ય મંત્રી એકનાથ શિંદેને સરકારનું વલણ સ્પષ્ટ કરવા માટે સર્વપક્ષીય બેઠક બોલાવવાની માંગ કરી છે. કોંગ્રેસના મહારાષ્ટ્ર એકમના અધ્યક્ષ નાના પટોલેએ આરોપ લગાવ્યો કે, કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્માઈ કેન્દ્ર સરકાર અને પસંદગીના ઉદ્યોગપતિઓના ઈશારે કામ કરી રહ્યા છે.

જો કે, મહારાષ્ટ્રના લાતુર જિલ્લાના દેવની તહસીલના એક ગામના રહેવાસીઓએ સ્થાનિક સ્તરે મૂળભૂત સુવિધાઓનો અભાવ હોવાનો આક્ષેપ કરીને ગામને કર્ણાટકમાં સમાવવાની માંગ કરી છે. દેવની તાલુકામાં ૧,૨૦૦ની વસ્તી ધરાવતા બોમ્બલી બુદ્રુક ગામના રહેવાસીઓએ ચેતવણી આપી છે કે, તેઓ આગામી તમામ ચૂંટણીઓનો બહિષ્કાર કરશે.

## કુતિયાણામાં કાંધલ જ વિકલ્પ, સપાએ ખાતું ખોલાવ્યું, NCPએ ટિકિટ ન આપીને ભૂલ કરી

પોરબંદર,

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ માં ભાજપનો ભવ્ય વિજય થયો છે. અગાઉ પ્રધાનમંત્રી નરેંદ્ર મોદીએ કરેલી આગાહી સાચી પડી છે. તેમણે રોડ શો અને સભાઓ ગજવીને ગુજરાતની પ્રજાને કહ્યું હતું કે આ વખતે ભૂપેન્દ્ર પટેલ નરેંદ્ર મોદીના પણ રેકોર્ડ તોડશે. અને આ વાત સાચી પડી રહી છે. પરંતુ પોરબંદર જિલ્લાની કુતિયાણા વિધાનસભા બેઠક પર એક પ્રકારે બાહુબલી કહી શકાય એવા નેતા કાંધલ જાડેજા છેલ્લી ૨ ટર્મથી કુતિયાણા બેઠક પરથી એનસીપીના ધારાસભ્ય રહી ચુક્યા છે. તેઓ ફરી જંગી બહુમતીથી જીતી ગયા છે.ચુંટણીઓ પહેલા એનસીપીમાંથી કાંધલ જાડેજાએ રાજીનામું આપી દીધુ હતું. કાંધલ જાડેજા ૨૦૧૨માં એનસીપીમાં જોડાયા હતા.ત્યારબાદ તેમણે એનસીપીમાંથી રાજીનામુ આપી સમાજવાદી પાર્ટીના ઉમેદવાર તરીકે ચુંટણી લડી હતી અને તેમનો વિજય થયો હતો આમ સમાજવાદી પાર્ટીનું ખાતુ ગુજરાતમાં ખુલ્યું છે. જો કે એવું કહેવાય છે કે સપાનું ગુજરાતમાં કોઈ વર્ચસ્વ નથી અને જાડેજા પોતાના દમ પર ચુંટાઈ આવ્યા છે.કાંધલ જાડેજાએ પોતાનું પ્રભુત્વ જમાવ્યું છે. વર્ષ ૨૦૧૭ ની વિધાનસભા ચૂંટણીમાં કુતિયાણા વિધાનસભા બેઠક પરથી




એનસીપી નેતા કાંધલ જાડેજાએ ભાજપ નેતા લક્ષ્મણ ઓડેદરાને હરાવ્યા હતા અને જીત મેળવી હતી. આ ચૂંટણીમાં કોંગ્રેસ અને એનસીપીનું ગઠબંધન ના હોવા છતાં કાંધલ જાડેજાએ એકલા હાથે ભાજપ-કોંગ્રેસ અને અપક્ષો સહિતના ૧૧ જેટલા ઉમેદવારોને કારમો પરાજય આપી ૨૪ હજારથી વધુની જંગી બહુમતીથી જીત મેળવી હતી. વર્ષ ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં કાંધલ જાડેજાએ ત્રણ ટર્મથી ચૂંટાતા ભાજપ નેતા કરશન ઓડેદરાને જંગી બહુમતીથી હરાવ્યા હતા. કુતિયાણા મતવિસ્તારમાં સંતોકબેન જાડેજા અને સરમણ મુંજાના પુત્ર કાંધલ જાડેજા એનસીપીની ટિકિટ પર વિધાનસભાની ચૂંટણી લડ્યા હતા અને જીત મેળવી હતી. કાંધલ જાડેજા સામે અનેક ગુનાઓ દાખલ થયેલા છે. દેવુ અને કરશન વાઘેરે પોરબંદર શહેર પર કાળા બજાર અને ખંડણી માટે કબજો જમાવ્યો હતો, તેઓ કામદારો ઉપર ત્રાસ ગુજરતા હતા. સરમણ મુંજાએ આ વાઘેર બંધુઓનો ખાત્મો બોલાવી દીધો હતો. જેથી મેર જાતિના અનેક લોકોએ સરમણને સમર્થન અને રક્ષણ આપ્યું હતું. સરમણના નામે પણ અનેક ગુનાઓ નોંધાયા હતા. રાજકીય નેતાઓએ પણ ચૂંટણી જીતવા માટે સરમણના શરણે જવું પડતું હતું. દાયકા સુધી ગુનાહિત સામ્રાજ્ય બાદ સરમણે ધાર્મિક ચોલો પહેર્યા હતો. ત્યારબાદ તેણે જ કહ્યું હતું કે મેર જ્ઞાતિનો વ્યક્તિ જ તેની હત્યા કરશે. ત્યારબાદ કાળા કેશવે સરમણની હત્યા કરી દીધી હતી. સરમણની હત્યા બાદ તેની પત્ની સંતોકબેન જાડેજાએ તેનું સુકાન સંભાળ્યું હતું. ત્યારબાદ હત્યાની સીલસીલો શરૂ થયો હતો અને સરમણના ૬ હત્યારાઓની હત્યા કરી દેવામાં આવી હતી. સરમણ જાડેજા અને સંતોકબેન જાડેજા પર ગોડમધર નામની ફિલ્મ પણ બનાવવામાં આવી છે. ત્યારબાદ સરમણ જાડેજાનો ભાઈ ભૂરા મુંજા યુ.કેથી પરત આવી ગયો હતો અને તેણે પણ બદલો લેવાની શરૂઆત કરી હતી. સંતોકબેન જાડેજા ગુનાની દુનિયા ઉપરાંત ટ્રાન્સપોર્ટ વ્યવસાય અને રાજકારણને સારી રીતે સમજી શકી અને તેનો તેણે અમલ પણ કર્યો હતો અને સામ્રાજ્ય ઊભું કરી દીધું હતું. સંતોકબેન જાડેજા વર્ષ ૧૯૯૦માં વિધાનસભાની ચૂંટણીમાં કુતિયાણા વિધાનસભા બેઠક પરથી જનતા દળ પક્ષમાંથી ઉભા રહ્યા હતા બહુમતીથી જીત્યા હતા. ગોડમધર સંતોકબેન સામે તેમની ગુનાખોરીને લઈને આકરી કાર્યવાહી શરૂ કરતાં તેઓ પોરબંદર છોડીને રાજકોટ આવી ગયા હતા. વર્ષ ૧૯૯૫માં સરમણ મુંજાના ભાઈ ભુરા મુંજા જાડેજાએ કુતિયાણા બેઠક જીતી હતી અને થોડા વર્ષો બાદ જાહેર જીવનમાંથી નિવૃત્તિ લઈ લીધી હતી.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

જોષી વાસુદેવ નાથાલાલ

તરફથી અભીનંદન....

મુ. ઓરવાડા,
તા. ગોધરા,
જી. પંચમહાલ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

ઠાકર ઓચ્છવલાલ જમનાદાસ

તરફથી અભીનંદન....

મુ. ટીમ્બા,
તા. ગોધરા,
જી. પંચમહાલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લાની ત્રણ બેઠકમાંથી ૨ ભાજપ ૧ કોંગ્રેસ આવી







લુણાવાડા, ગુજરાત વિધાનસભાની મહીસાગર જિલ્લાની ૩ બેઠકની મતગણતરી ચાલી રહી છે. મહીસાગર જિલ્લાની ૩ બેઠક પર ત્રિપાંખીયો જંગ જામ્યો છે. મહીસાગર જિલ્લામાં ૮૧૪૨૮૩ છે. જેમાં પુરૂષ મતદારો ૪૧૬૫૦૩ અને મહિલા મતદારો ૩૯૭૭૬૪ છે. મહીસાગર જિલ્લાનું મતદાન ૬૧.૬૯ ટકા થયું છે. સંતરામપુર બેઠક પર મંત્રી કુબેર ડીંડોરે ભગવો લહેરાવ્યો છે. આ સિવાય બાલાસિનોર બેઠક પર ભાજપના ઉમેદવાર માનસિંહ ચૌહાણ પણ વિજેતા બન્યા છે. તેમજ લુણાવાડા બેઠક પર ભાજપના જ પૂર્વ પ્રમુખ જે.પી. પટેલ દ્વારા અપક્ષ ઉમેદવારી કરતા ભાજપે જ ભાજપને હરાવી હતી. તો બીજી તરફ બાલાસિનોર વિધાનસભા ૨૦૦૨ ગોધરા કાંડ પહેલા પહેલી હર ૫૦ હજારની લીડથી જીતી છે, જ્યારે સંતરામપુર સીટ પર ST સમાજના દાખલાનો વિરોધ હોવા છતાં વિકાસના કામોના કારણે ભાજપે જીત મેળવી હતી.

લુણાવાડા બેઠક પર કુલ મતદારો ૨૮૮૨૨૬ છે. લુણાવાડા બેઠક પર ૬૨.૯૬ ટકા મતદાન થયું હતું. મત ગણતરીના દિવસે શરૂઆતના રાઉન્ડોમાં ખાનપુર વિસ્તારમાંથી કોંગ્રેસ આગળ રહ્યું હતું ત્યાર બાદ બીજેપી ૫૦–૧૦૦ મત આગળ રહ્યું રહ્યું બાદમાં કોંગ્રેસ આગળ રહેતા લુણાવાડા બેઠક પર કોંગેસના ગુલાબસિંહનો ૭૨૦૮૭ વિજય થયો છે. ભાજપના જીગ્નેશ સેવકને ૪૫૪૬૭ મત, અપક્ષ ઉમેદવાર જે પી પટેલ ૪૩૭૪૯ વોટ તેમજ આમ આદમી પાર્ટીના નટવરસિંહ સોલંકીને ૫૯૧૭ મળ્યા હતા. તેમજ નોટા ને ૩૨૮૮ મત પડ્યા હતા. ત્યારે આ બેઠક ભાજપે જ ભાજપને હરાવી તેવું પષ્ટપણે દેખાઈ રહ્યું હતું.

બાલાસિનોર બેઠક પર કુલ મતદારો ૨૮૮૧૪૨ છે. બાલાસિનોર બેઠક પર ૬૨.૬૩ ટકા મતદાન થયું છે. મત ગણતરીના આરંભે વીરપુર તાલુકામાંથી બીજેપી ૧૧૦૦૦ મત પ્લસ નીકળતા ત્યાર બાદ ટકાવારી વધતી જતા મહીસાગર જીલ્લાની બાલાસિનોર બેઠક પર ભાજપના ઉમેદવાર માનસિંહને ચૌહાણ ૯૨૫૦૧ મત મળતા વિજય થયા હતા. કોંગ્રેસ ઉમેદવાર અજીતસિંહ ચૌહાણને ૪૧૦૭૯ મત, જ્યારે આમ આમી પાર્ટીમાંથી ઉદયસિંહ ચૌહાણને ૩૯૫૬૯ મત મળતા કોંગ્રેસ માંથી આમ આદમી પાર્ટીમાં આવેલ ઉમેદવાર કોંગ્રેસ માટે ભારે સાબિત થયા હતા.

સંતરામપુર બેઠક પર કુલ મતદારો ૨૩૮૧૩૫ છે. જેમાં ૫૯.૦૧ ટકા મતદાન થયું છે. મતદાનનો પ્રારંભ કડાણા તાલુકાથી કરતા અપક્ષ ઉમેદવારની લીડ સતત જોવા મળી હતી. ત્યાર બાદ સંતરામપુર તાલુકાની મત ગણતરી બાદ મંત્રી કુબેર ડીંડોર સતત આગળ વધતા ૪૯૯૬૪ મત મેળવી વિજય થયા હતા. કોંગ્રેસના ગેન્દાલ ડામોરને ૩૪૩૮૭ અને AAP માં ઉમેદવાર પર્વત વાગોડિયાને ૨૪૫૫૪ તેમજ અપક્ષ ઉમેદવાર બાબુભાઇ ડામોરને ૨૮૬૩૧ મત મળ્યા છે ત્યારે આ સીટ પર દાખલાના વિરોધના કારણે બીજેપી માટે કપરા ચડાણ હોવા છતાં વિકાસના કામોને લાઇ મંત્રી કુબેરભાઈ ડીંડોરની વિજય થયો.

કોંગ્રેસનો ગઢ ગણાતી બાલાસિનોર વિધાનસભા સીટ પર પાછલા ૨૭ વર્ષમાં માત્ર બે વાર બીજેપી જીતી છે ત્યારે બે વાર મંત્રી રહેલા ભાજપના ઉમેદવાર માનસિંહ ચૌહાણ બે વાર મંત્રી રહી ચૂક્યા છે ત્યારે સંતરામપુર સીટના તત્કાલીન મંત્રી કુબેરભાઈ ડીંડોર જીતતા મહીસાગર જિલ્લામાં ભાજપમાંથી મંત્રી કોને બનશે એ જોવાનું રહ્યું.

## લુણાવાડા સીટ માટે ૨૦૧૭ માં પણ બીજેપીનો અપક્ષે ખેલ બગડ્યો

મહીસાગર જિલ્લામાં ૨૦૧૭ માં લુણાવાડામાં રાતનસિંહ રાઠોડને ટીકીટ ન મળતા અપક્ષ ઉમેદવાર રાતનસિંહ રાઠોડે વિજય મેળવી ભાજપને હરાવી હતી. ત્યારે આ વખતે અપક્ષ ઉમેદવાર અને ભજપના ઉમેદવાર બને એકજ પક્ષના તેમજ જીગ્નેશ સેવક અઢી વર્ષ દરમ્યાન લોકોના દિલમાં ન બેસતા તેમજ યોગ્ય કામગીરી ન લાગતા ભાજપની હાર થઈ હતી.

### લુણાવાડા વિધાનસભા બેઠક

| | | |
|---|---|---|
| ભાજપ | જીગ્નેશ સેવક | ૪૫,૪૬૮ |
| કોંગ્રેસ | ગુલાબસિંહ ચૌહાણ | ૭૨,૦૮૭ (જીત) |
| આપ પાર્ટી | નટવરસિંહ સોલંકી | ૫,૯૭૨ |
| અપક્ષ | જે.પી.પટેલ | ૪૩,૭૪૯ |
| નોટા | | ૩,૨૮૮ |

### સંતરામપુર વિધાનસભા બેઠક

| | | |
|---|---|---|
| ભાજપ | ડૉ. કુબેરભાઈ ડીંડોર | ૪૯,૯૪૬ (જીત) |
| કોંગ્રેસ | ગેંદાલભાઈ ડામોર | ૩૪,૩૮૭ |
| આપ પાર્ટી | પર્વતભાઈ વાગડીયા | ૨૪,૫૫૪ |
| અપક્ષ | બાબુભાઈ ડામોર | ૨૮,૬૩૧ |
| નોટા | | ૩,૦૩૯ |

### બાલાસીનોર વિધાનસભા બેઠક

| | | |
|---|---|---|
| ભાજપ | મનિષ ચૌહાણ | ૯૨,૫૦૧ (જીત) |
| કોંગ્રેસ | અજીતસિંહ ચૌહાણ | ૪૧,૦૭૯ |
| આપ પાર્ટી | ઉદેસિંહ ચૌહાણ | ૩૯,૫૬૯ |
| નોટા | | ૨,૭૨૪ |

## આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર ખાતે પાંચ દિવસીય યોગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુરની આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં તારીખ ૧ ડિસેમ્બર થી ૭ ડિસેમ્બર સુધી યોગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં દિવ્યાબેન દરજીએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન પુરૂં પાડ્યું અને શિથિલિકરણ, આસનો, પ્રાણાયામ થી થતા લાભ વિશે માહિતી આપી. આ કાર્યક્રમનાં સમાપન સત્રમાં કોલેજના આચાર્ય ડો. અભય પરમાર અને NACCના કોઓર્ડિનેટર દેવરાજ નંદા દ્વારા વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ આપવામાં આવ્યા અને આ કાર્યક્રમને સફળતા પૂર્વક પાર પાડવા બદલ સર્વેનો હૃદય પૂર્વક આભાર માન્યો.

## સ્વામિનારાયણ સંસ્થાના વડા મહારાજની જન્મશતાબ્દીની ઉજવણી કરવામાં આવી

નવીદિલ્હી, સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી મિશન અને બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાએ તેના વડા સ્વામીજી મહારાજની જન્મશતાબ્દીની ઉજવણી કરી. આ પ્રસંગે યુએનના અધિકારીઓ અને રાજદ્વારીઓએ સ્વામીજી મહારાજના સંદેશ 'વિશ્વ એક પરિવાર છે'ના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

અક્ષર પુરૂષોત્તમ સંસ્થાના વડા સ્વામી મહારાજના જીવન અને સંદેશ પર એક વિશેષ કાર્યક્રમનું સંયુક્ત રાષ્ટ્રમાં આયોજન કરવામાં આવ્યું હતું. યુએનના અધિકારીઓ અને રાજદ્વારીઓએ કહ્યું કે પ્રમુખસ્વામીજી મહારાજ વિશ્વના મહાન આધ્યાત્મિક નેતાઓમાંના એક છે. તેમનું જીવન સેવા અને કરુણાના મૂલ્યો પર આધારિત છે. વક્તાઓએ સમાવેશી સમાજો વિકસાવવાના હેતુથી વૈશ્વિક પ્રોજેક્ટ્સ અને સામાજિક-આર્થિક પહેલોને પ્રેરણા આપી હતી.

યુએનમાં ભારતીય રાજદૂત રૂચિરા કંબોજે જણાવ્યું હતું કે સ્વામીજીનું જીવન સાચા અર્થમાં માનવતા માટે સંદેશ છે. તે એકતાનો સંદેશ છે, ભલાઈની ઉજવણી કરવાનો સંદેશ છે, શાંતિ, સૌહાર્દ અને ભાઈચારાનો સંદેશ છે. તેઓ ભારતના મહાન આધ્યાત્મિક શિક્ષકોમાંના એક તરીકે આદરણીય છે. કંબોજે કહ્યું કે સ્વામીજીએ વિશ્વને 'દુનિયા એક પરિવાર છે'નો સિદ્ધાંત જીવ્યો અને શીખવ્યો. પ્રમુખસ્વામી મહારાજ ભગવાન સ્વામિનારાયણના પાંચમા આધ્યાત્મિક અનુગામી હતા. તેઓ ૧૯૫૦માં બીએપીએસના પ્રમુખ બન્યા હતા. તેમનું ૨૦૧૬માં ૯૪ વર્ષની વયે અવસાન થયું હતું.

ભારતીય રાજદૂત કંબોજે જણાવ્યું હતું કે 'એક પરિવાર તરીકે વિશ્વ'ની આ કાયમી ફિલસૂફી બહારની દુનિયા સાથે ભારતની સતત ક્રિયાપ્રતિક્રિયા અને વિચારોના આદાનપ્રદાન માટે માર્ગદર્શન આપે છે. ભારત 'જી ૨૦'નું અધ્યક્ષ બન્યું છે અને તેની કેન્દ્રીય થીમ 'વસુધૈવ કુટુંબકમ' અથવા 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય' છે. તેમણે કહ્યું કે ભારત એવો દેશ છે જ્યાં વિવિધતામાં એકતા છે.

આ કાર્યક્રમમાં સંયુક્ત રાષ્ટ્રના અન્ડર-સેક્રેટરી-જનરલ મિગુએલ મોરાટિનોસનો સંદેશ વાંચવામાં આવ્યો હતો. તેમાં તેમણે કહ્યું હતું કે પ્રમુખસ્વામી મહારાજે પૃથ્વીની તમામ જરૂરિયાતો અને મુશ્કેલીઓને સમજવા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું.

## કચ્છ : ગાંધીધામ મત ગણતરી કેન્દ્ર પર મોટો હોબાળો, કોંગ્રેસ ઉમેદવારે ગળેટુંપો ખાવાનો પ્રયાસ કર્યો

ભુજ, ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ની મતગણતરીના પરિણામો આવી ગયા છે જેમાં એકવાર ફરી ગુજરાતમાં ભાજપની સરકાર રચાવા જઈ રહી છે. જો કે ગાંધીધામ મતગણતરી કેન્દ્ર પર મોટો હોબાળો થયો છે. કોંગ્રેસ ઉમેદવાર ભરત સોલંકીએ ગણતરી કેન્દ્રમાં જ ગળેટુંપો ખાવાનો પ્રયાસ કર્યો છે. જ્યાં અનેક રાઉન્ડથી ઈવીએમ મશીન પર સીલ, સહી સિક્કામાં તફાવત હોવાથી આક્ષેપો થતાં હતા. ફરજ પર હાજર કર્મચારીઓએ કોઈ પગલાં ન લેતા ધરણાં પર બેસવા છતાં પગલા ન લેવાતા ગળેફાંસો ખાવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસ અધિક્ષક અને કલેક્ટરે સમજાવાનો તેમને પ્રયાસ કર્યો હતો. કચ્છ જિલ્લાની ૬ વિધાનસભા બેઠક પર સરેરાશ ૫૯.૮૫ ટકા મતદાન થયું હતું. શરુઆતી વલણમાં ભુજ અને ગાંધીધામમાં કોંગ્રેસ અને અંજારમાં ભાજપ આગળ ચાલી રહ્યા છે.

ગુજરાતની ગાંધીધામ સીટ બંદર માટે પ્રખ્યાત છે. ગાંધીધામ સીટ પર ભાજપ અહીં એક દાયકાથી કબ્જો જમાવેલો છે. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપ ઉમેદવાર માલતી માહેશ્વરીએ કોંગ્રેસના ઉમેદવાર કિશોર પિંગોલને ૨૦,૨૭૦ વોટના મોટા માર્જિનથી હરાવ્યા હતા. ત્યારે અહીં ભાજપને ૫૨.૬ ટકા વોટ મળ્યા હતા, જ્યારે કોંગ્રેસને ૩૯.૩ ટકા વોટ મળ્યા હતા. ૨૦૧૨માં પણ અહીં ભાજપે જીત નોંધાવી હતી.

આ સીટ પર ભાજપે નિમાબેન આચાર્યની ટિકિટની કાપીને આ વખતે કેશુભાઈ શિવદાસ પટેલને ટિકિટ આપી છે. તો વળી કોંગ્રેસ અર્જૂન ભાઈ ભુડિયા અને આપે રાજેશ પંડોરિયાને મેદાનમાં ઉતાર્યા છે. ભૂજની આ સીટ સામાન્ય સીટ છે.

## હિમાચલમાં સત્તા પરિવર્તન : કોંગ્રેસ માટે સુખનો સૂરજ ઊગ્યો, ભાજપને હારનો સામનો કરવો પડયો



શિમલા, ગુજરાતની સાથે સાથે હિમાચલ પ્રદેશમાં આજે મતગણતરી થઈ હતી. જ્યાં સત્તાધારી ભારતીય જનતા પાર્ટીને હારનો સામનો કરવો પડ્યો છે. ૧૪મી વિધાનસભા માટે ૬૮ સીટ પર આ વખતે ચૂંટણી પરિણામોમાં કોંગ્રેસ પાર્ટીને ૪૦ સીટ પર વિજયી બની છે જ્યારે ભાજપ ૨૪ સીટ પર જીત થઈ છે આ ઉપરાંત અપક્ષ ઉમેદવાર પણ ૩ સીટ પર જીત્યા છે. જ્યારે આમ આદમી પાર્ટીને અહીં એક પણ સીટ હાથમાં આવી નથી.

હિમાચલ પ્રદેશના કોંગ્રેસ પ્રભારી રાજીવ શુક્લા ચંડીગઢ પહોંચી ગયા છે. મીડિયા સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું હતું કે, તમામ કોંગ્રેસના ધારાસભ્યોને ચંડીગઢ બોલાવ્યા છે. અપર અને લોઅર હિમાચલના તમામ ધારાસભ્યો માટે ચંડીગઢ સેન્ટર પોઈન્ટ છે. અહીં તમામ ધારાસભ્યો સરળતાથી પહોંચી શકે છે. મુખ્યમંત્રીનો ચહેરો કોણ હશે, તેને લઈને સાંજ સુધીમાં હાઈકમાન્ડ નક્કી કરી લેશે.

સૂત્રોનું માનીએ તો, કોંગ્રેસ હિમાચલ પ્રદેશમાં જીતેલા પોતાના ધારાસભ્યોને ચંડીગઢ બોલાવાની છે. સૂત્રોએ કહ્યું છે કે, હિમાચલ પ્રદેશમાં જીતનું સર્ટિફિકેટ મળ્યા બાદ કોંગ્રેસના તમામ ધારાસભ્યો ચંડીગઢ પહોંચશે અને ત્યાંથી કોઈ અન્ય રાજ્યમાં લઈ જવામાં આવશે. માનવામા આવી રહ્યું છે કે, હિમાચલમાં જીતેલા કોંગ્રેસ ઉમેદવારોની કમાન ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા, ભૂપેશ બઘેલ અને રાજીવ શુક્લા સંભાળશે. ભૂપેન્દ્ર હુડ્ડા હાલ ચંડીગઢમાં જ છે. જ્યારે ભૂપેશ બઘેલ અને શુક્લા પણ ત્યાં ઝડપથી પહોંચવાના છે.

કોંગ્રેસના સૂત્રોનું એવું ફણ કહેવું છે કે, ફાઈનલ પરિણામની રાહ જોવાઈ રહી છે. પહેલી પ્રાથમિકતા પોતાના ધારાસભ્યોને સુરક્ષિત રાખવાની છે.મુખ્યમંત્રી પદ માટે કેટલાય દાવેદાર છે. હાલમાં નિર્ણય થયો નથી. પ્રતિભા સિંહ, પ્રદેશ અધ્યક્ષ હોવાના નાતે અને વીરભદ્ર સિંહની પત્ની હોવાના નાતે સ્વાભાવિક રીતે દાવેદાર છે. અમારી પાસે કેટલાય અન્ય ચહેરા છે, સીએમ પદ માટે પણ નિર્ણય ફાઈનલ રિઝલ્ટ જોઈને રાજ્ય પ્રભારી રાજીવ શુક્લા, ભૂપેશ બઘેલ અને ભૂપેન્દ્ર હુડ્ડા દ્વારા ધારાસભ્યોનો મત લઈને કરવામાં આવશે.

રાજ્યમાં કોગ્રેસની સરકાર બની રહી છે ત્યારે કોંગ્રેસ એક્શન મોડમાં સામે આવી ગઈ છે. પાર્ટીના વરિષ્ઠ નેતા અને છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર બઘેલ, ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા અને રાજીવ શુક્લા શિમલા જશે. તો બીજીતરફ કોંગ્રેસને પોતાના ધારાસભ્યો તોડવાનો ડર લાગી રહ્યો છે.

કોંગ્રેસ પોતાના ધારાસભ્યોને મોહાલીમાં શિફ્ટ કરાવી શકે છે. કોંગ્રેસે ધારાસભ્યોને રોકવા માટે એઆઈસીસી સચિવોની ડ્યૂટી લગાવી છે. આ સાથે કોંગ્રેસ પોતાના ધારાસભ્યોને સુરક્ષિત જગ્યા પર લઈ જવા માટે લાગી ગઈ છે. રિપોર્ટ પ્રમાણે કોંગ્રેસને ડર છે કે ભાજપ તેના જીતેલા ધારાસભ્યોને તોડી શકે છે. આ આશંકા અને કથિત ઓપરેશન લોટસને ધ્યાનમાં રાખતા કોંગ્રેસે હિમાચલના ધારાસભ્યોને મોહાલી મોકલવાની યોજના બનાવી છે. સૂત્રો પ્રમાણે છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ અને વરિષ્ઠ નેતા ભૂપેન્દ્ર હુડ્ડાને તેની જવાબદારી સોંપવામાં આવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા વ્યક્તિગત રીતે પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છે અને તેઓ પણ આજે શિમલા પહોંચે તેવી શક્યતા છે. કોઈપણ પક્ષને ત્યાં સરકાર બનાવવા માટે ૩૫ બેઠકોની જરૂર પડશે.

હિમાચલ પ્રદેશમાં ૧૨ નવેમ્બરે મતદાન થયું હતું. પ્રદેશમાં આશરે ૫૫ લાખ મતદાતાઓમાંથી લગભગ ૭૫ ટકાએ આ વખતે પોતાના મતાધિરાકનો પ્રયોગ કર્યો હતો. ચૂંટણીમાં કુલ ૪૧૨ ઉમેદવાર મેદાનમાં ઉતર્યા હતા. અત્યાર સુધીના ટ્રેન્ડ પ્રમાણે હિમાચલમાં ફરી પરિવર્તન થઈ રહ્યું છે. અહીં પાંચ વર્ષે સરકાર બદલી દેવાનો ટ્રેન્ડ યથાવત રહ્યો છે.

એક તરફ જ્યાં કોંગ્રેસે હિમાચલ પ્રદેશમાં બહુમતી મેળવી લીધી છે અને બીજી તરફ હવે મુખ્યમંત્રી કોણ બનશે? તેને લઈ વિવિધ અંદાજાઓ લગાવવામાં આવી રહ્યા છે. જ્યારે હિમાચલ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ પ્રતિભા વીરભદ્ર સિંહે કહ્યું કે ચૂંટાયેલા ધારાસભ્યો મુખ્યમંત્રી પદ માટેનો ચહેરો નક્કી કરશે. એકવાર જ્યારે ધારાસભ્યો પોતાની પસંદ સ્પષ્ટ કરી દેશે, ત્યારે પાર્ટી હાઈકમાન્ડ નામનું એલાન કરશે. બીજી તરફ અહેવાલોનું માનીએ તો પાર્ટી હાઈકમાન્ડે મુખ્યમંત્રી પદના કેટલાય દાવેદારો સાથે કેટલીય સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. એવામાં જે ત્રણ નામ સૌથી વધુ ચર્ચામાં છે, તેમાં પૂર્વ પ્રદેશ અધ્યક્ષ સુખવિંદર સુક્ખૂ, નેતા પ્રતિપક્ષ મુકેશ અગ્નિહોત્રી, સાંસદ અને પૂર્વ સીએમ વીરભદ્ર સિંહના પત્ની પ્રતિભા સિંહનું નામ આગળ છે. જો કે પ્રતિભા સિંહ હાલના સાંસદ છે અને તેમણે ચૂંટણી નથી લડી, સુક્ખૂ અને અગ્નિહોત્રી પોતાની સીટ પર જીતના રસ્તે છે. સુખવિંદર સુક્ખૂ: કોંગ્રેસ પાર્ટીના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને તેની પ્રચાર સમિતિના પ્રમુખ સુક્ખૂએ મધ્ય હિમાચલની નાદૌન સીટથી ચૂંટણી લડી છે. પાર્ટી કેડર વચ્ચે સ્વીકાર્યતા વાળા ત્રણ વખતના ધારાસભ્યને સીએમ પદના સૌથી મજબૂત દાવેદાર માનવામાં આવે છે. સત્તાવાર રીતે સુક્ખૂએ કહ્યું કે સીએમનો ફેસલો હાઈકમાન્ડ કરશે. મુકેશ અગ્નિહોત્રી: વિપક્ષના નેતા મુકેશ અગ્નિહોત્રીએ દક્ષિણ-પશ્ચિમ હિમાચલમાં હરોલીથી ચૂંટણી લડી. ચાર વખતના ધારાસભ્ય, તેમના ચૂંટણી ક્ષેત્રને રેખાંકન પહેલા સંતોકગઢ કહેવાતો હતો, જ્યાંથી તેઓ ૨૦૦૩માં પ્રથમ વખત ચૂંટણી લડ્યા હતા. અગ્નિહોત્રી ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી બાદ કોંગ્રેસ ધારાસભ્ય દળના નેતા ચૂંટાયા હતા. સાબરકાંઠાની ખેડબ્રહ્મા બેઠક પર કોંગ્રેસના ડૉ. તુષાર ચૌધરીની જીત, ભાજપે કરી ફરીથી ગણતરીની માંગ પ્રતિભા સિંહઃ વર્તમાન હિમાચલ પીસીસી પ્રમુખ અને પૂર્વ સીએમ અને કોંગ્રેસના દિગ્ગજ નેતા વીરભદ્ર સિંહના પત્ની પ્રતિભા સિંહ પહેલીવાર ૨૦૦૪માં મંડીથી લોકસભા ચૂંટણી લડ્યાં હતાં. ૨૦૧૩ની પેટાચૂંટણીમાં તેમણે હાલના મુખ્યમંત્રી જયરામ ઠાકુરને તે સીટ પરથી જ હરાવ્યા હતા, જેનું પ્રતિનિધિત્વ તેમના મુખ્યમંત્રી બનતા પહેલા તેમના પતિ કરતા હતા. જેઓ ભાજપના રામ સ્વરૂપ શર્માના નિધન બાદ સાંસદ તરીકે ચૂંટાયાં.

## આપની આજ.......

મેષ : આજે શુભ પ્રસંગોમાં જોડાવાની તક મળશે. સમાજમાં ગૌરવ હોવાના કારણે તમારી ખ્યાતિ વધશે. આ સિવાય આજે જે લોકો ધંધામાં છે તેઓને સાંજના પાંચ વાગ્યા સુધીમાં એક ખાસ ડીલ ફાઈનલ થશે.

વૃષભ : આજે નવી યોજના અને કોઈ ધાર્મિક સ્થળની મુલાકાતથી મન પ્રસન્ન થશે. કાયદાકીય વિવાદમાં વિજય અને સ્થાળાંતરની યોજનાઓ સફળ થઈ શકે છે. દિવસે મુશ્કેલીઓ હોવા છતાં, શકિતમાં વધારો થશે.

મિથુન : આજે સાવધાની અને જાગૃતિનો દિવસ છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. રોજિંદા કાર્યોથી આગળ કેટલાક નવા કાર્યોમાં પ્રયાસ કરો. કોઈ અંગત માટે કેટલાક પૈસાની વ્યવસ્થા કરવી પડી શકે છે.

કર્ક : આજે ખૂબ ક્રિએટિવ દિવસ છે. એટલે કે આજે તમે કોઈપણ રચનાત્મક કાર્ય પૂર્ણ કરવામાં આખો દિવસ પસાર કરી શકો છો. મુસાફરોને જે કામ સૌથી પ્રિય છે તે આજે કરવામાં આવશે.

સિંહ : આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં બિલકુલ બેદરકારી રાખશો નહીં. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

કન્યા : તમારો આજનો દિવસ ખૂબ જ મજબુત છે. દિવસ દરમિયાન લાભની તકો મળશે. તેથી કાર્યાત્મક બનો. પરિવારમાં સુખ અને શાંતિનો આનંદ માણો. જો નોકરી કે ધંધામાં કોઈ નવીનતા લાવી શકો તો ભવિષ્યમાં ફાયદો થશે.

તુલા : આજનો દિવસ સામાન્ય છે. વહેંચાયેલા વેપારથી ભાગીદારીમાં મોટો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે.

વૃશ્ચિક : આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે, તમે જે પણ કાર્ય સમર્પણ સાથે કરો છો તેમાં સફળતા મળશે. અધૂરા કામ પતાવશો, મહત્વપૂર્ણ ચર્ચાઓ થશે.

ધનુ : આજનો દિવસ લાભકારી રહેશે. બિઝનેસમાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓને ધીરજ અને તમારા નરમ વર્તન દ્વારા સુધારી શકાય છે.

મકર : આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. પરંતુ ધર્મ અને અધ્યાત્મનો અભ્યાસ કરવા થોડો સમય આપવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે.

કુંભ : આજે પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયામાં સંયમ અને સાવધાની રાખવી. ધ્યાનમાં રાખો કે તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષની કોઈ શક્યતા નથી. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

મીન : આજનો દિવસ લાભકારક છે. આજે તમારા વર્તનથી સંબંધિત તમામ વિવાદોનું સમાધાન થઈ શકે છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે. જમીન અને સંપત્તિના મામલે પરિવાર અને આસપાસના લોકો થોડી મુશ્કેલી ઊભી કરવાનો પ્રયાસ કરશે.

# દાહોદ જીલ્લાની ૬ વિધાનસભા બેઠકો ઉપર કેસરીયો લહેરાયો








**દાહોદ જિલ્લામાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના વિજયને પગલે મતગણતરી સ્થળોએથી વિજય ઉમેદવારોના વિજય સરઘસો નીકળ્યાં હતાં. વિજયોત્સવ સરઘસમાં ડી.જે., ઢોલ, નગારાના તાલે જયશ્રી રામ, ભારત માતા કી જયના નારા સાથે સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. દાહોદ વિધાનસભા બેઠકના ઉમેદવાર કનૈયાલાલ કિશોરીનો ભવ્ય વિજય ઉત્સવ સરઘસ નીકળ્યું હતું. મતગણતરી સ્થળેથી લઈ એપીએમસી ઓફિસ સુધી ભાજપના કાર્યકર્તાઓ અને સમર્થકોએ વિજયોત્સવ મનાવ્યો હતો. ફટાકડા ફોડી અને એકબીજાનું મોં મીઠું કરાવી વિજેતા કનૈયાલાલ કિશોરીને અભિનંદન પાઠવ્યાં હતાં.**

**દાહોદ જિલ્લામાં ભાજપે ૦૬ એ ૦૬ વિધાનસભા બેઠકો પર કબજો કરી લીધો છે. ત્યારે બીજી તરફ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સિવાય અન્ય પાર્ટીઓના ઉમેદવારોની ડિપોઝીટ ડુલ થવાની સંભાવનાઓ દેખાઈ રહી છે.**

**દાહોદ જિલ્લામાં આ વખતે નોટોમાં મતો ભારે પડ્યાં હતાં. જિલ્લાની કુલ ૦૬ વિધાનસભાની બેઠકોમાં કુલ ૨૩,૩૧૯ મતો પડ્યાં હતાં. જેમાં ફતેપુરા વિધાનસભાની બેઠકમાં ૪૩૨૭, ઝાલોદમાં ૪૬૪૬, લીમખેડામાં ૨૩૨૭, દાહોદમાં ૩૦૪૬, ગરબાડામાં ૪૧૫૨ અને દેવગઢ બારીઆમાં ૪૮૨૧ મતો નોટામાં પડ્યાં છે. આ વખતે નોટામાં મતોની ભરમારથી વિજેતાઓની લીડમાં પણ અસર પડી હોવાનું કહેવાઈ રહ્યું છે.**

દાહોદ,

આશરે ૨૦ વર્ષ પછી દાહોદ જિલ્લામાં કેસરીયો માહોલ છવાઈ જવા પામ્યો છે. જિલ્લાની ૦૬ એ ૦૬ બેઠકો ભાજપે મેળવીને રાજકીય મેદાનમાં સીક્સર મારી સૌને સ્તબ્ધ કરી દીધાં છે. આજે સવારે હાથ ધરાયેલ મતગણતરીમાં જેમ જેમ ૦૬ એ ૦૬ વિધાનસભાની મતગણતરીના રાઉન્ડ પુરા થતાં હતા. તેમ તેમ મતગણતરી સ્થળ નજીક જેતે વિધાનસભાના ટેકેદારો અને જેતે વિધાનસભામાં ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો. જોકે, ઝાલોદ અને લીમખેડામાં પ્રથમ રાઉન્ડમાં આમ આદમી પાર્ટી આગળ રહેતાં ભાજપ બેડામાં સ્તબ્ધતા છવાઈ જવા પામી હતી. તો લીમખેડામાં પણ પ્રથમ રાઉન્ડના અંતે આમ આદમી પાર્ટી આગળ રહી હતી. ત્યાર પછી તમામ સીટો ઉપર ધીમે ધીમે ભાજપે પોતાની લીડ વધારી અને તમામ બેઠકો હસ્તગત કરી હતી. દાહોદ જિલ્લાનું રાજકારણનું એપી સેન્ટર ગણાતું લીમખેડા બેઠક ઉપર ખુબજ પાતળી સરસાઈથી ભાજપે વિજય મેળવતાં જિલ્લાના રાજકારણમાં ઘેરા પ્રત્યાઘાત પડવા પામ્યાં છે. તો પોતાને સિંહણ ગણાવનાર ગરબાડા કોંગ્રેસના ઉમેદવારને પણ હારનો સામનો કરવો પડ્યો હતો. મતગણતરી સ્થળે જયશ્રી રામ અને ભારત માતા કી જયના નારા સાથે હજ્જારોની સંખ્યામાં ભાજપના કાર્યકરો, સમર્થકો ઉમટી પડ્યાં હતા. ડી.જે. અને ઢોલ, નગારાના તાલે તમામ ઉમેદવારોના વિજય સરઘસો દાહોદના રાજ માર્ગો પર થઈને પોતાની જેતે વિધાનસભામાં પહોંચ્યા હતા. દાહોદ જિલ્લાની ૦૬ બેઠકોની વાત કરીએ તો ૦૬ બેઠકો પૈકી એકમાત્ર દાહોદને બાદ કરતાં લીમખેડા અને ગરબાડામાં કોંગ્રેસ દ્વીતીય સ્થાને રહી હતી તો ફતેપુરા અને ઝાલોદમાં તૃતીય સ્થાને રહી હતી અનેક ચઢાવ ઉતાર વચ્ચે લીમખેડાની બેઠક માટે ભારે તર્ક વિતર્કો વહેતાં થવા પામ્યાં હતા. તો ભાજપની સ્થિતી ગઢ આલા પણ સિંહ ગેલાની સ્થિતી તો નહીં સર્જાયને તેવી ચર્ચાઓએ જોર પકડ્યું હતું. પોસ્ટલ બેલેટમાં આમ આદમી પાર્ટી નંબર ૧ રહેતાં પોસ્ટલ બેલેટના ગણિતે ઘણું બધુ કહી દીધું છે.

વિધાનસભાની ચુંટણીમાં દાહોદ જિલ્લાની ૦૬ એ ૦૬ વિધાનસભા બેઠક ભાજપે કબજે કરતાં દાહોદ જિલ્લામાં ભાજપે ઈતિહાસના પન્ના પર પોતાની જીત પર અંકિત કરી છે. કોંગ્રેસના સુપડા સાફ થઈ ગયાં છે. ત્યારે આમ આદમી પાર્ટીએ ખાસ્સો એવો પગ પેસારો દાહોદ જિલ્લામાં કર્યો હોવાનું પ્રતિત થવા પામ્યું છે. આજના પરિણામોએ આગામી ૨૦૨૪ની ચુંટણીમાં કોંગ્રેસ જોડોની જગ્યાએ કોંગ્રેસ શોધો યાત્રા કાઢવી પડશે તેવા હાસ્ય વેણો પણ વહેતા થવા પામ્યાં હતાં. ૨૦૦૨ પછી પ્રથમવાર ભાજપાએ દાહોદમાં ૦૬ બેઠકો મેળવી ઈતિહાસ રચ્યો છે. ત્યારે હવે કોણે મંત્રી પદ મળશે અને કોણું પ્રભુત્વ દાહોદ જિલ્લામાં વધશે તેની ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે. તમામ ઉમેદવારોના વિજય સરઘને ઠેર ઠેર વધારવામાં આવી રહ્યું છે અને સમગ્ર જિલ્લામાં કેસરીયો માહોલ સર્જાવા પામ્યો છે.

દાહોદ વિધાનસભામાં કનૈયાલાલ કિશોરીએ ૭૨,૬૬૦ મત મેળવી ૨૯,૩૫૦ ની લીડથી ભવ્ય વિજય મેળવ્યો છે. ગરબાડા વિધાનસભા બેઠક પર મહેન્દ્રભાઈ ભાભોરએ ૬૨,૪૨૭ મત મેળવી ૨૭,૮૨૫ ની લીડ મેળવી છે. ઝાલોદમાં મહેશભાઈ ભુરીયાએ ૮,૨૭૪૫ મત મેળવી ૩૫,૨૨૨ મતોથી લીડ મેળવી છે. ફતેપુરામાં રમેશભાઈ કટારાએ ૫૯,૫૮૧ મત મેળવી ૧૯,૫૩૧ની લીડ મળી છે. લીમખેડામાં શૈલેષભાઈ ભાભોરએ ૬૯,૪૧૭ મત મેળવી ૩૬૬૩ની લીડ મેળવી છે અને દેવગઢ બારીઆમાં બચુભાઈ ખાબડએ ૧,૧૩,૫૨૭ મતો મેળવી ૪૪,૨૦૧ ની લીડ મેળવી ભવ્ય જીત મેળવી છે. આમ, દાહોદ જિલ્લામાં ૦૬ વિધાનસભા બેઠકો પર ભાજપે કબજો કરી ભગવો લેહરાવી દીધો છે. જિલ્લામાં તમામ ઉમેદવારોનો ભવ્ય વિજય સરઘસ નીકળ્યું હતું. ઢોલ, નગારા, ડી.જે.ના તાલે ઉમેદવારોની જીતને કાર્યકરો તેમજ લોકોએ એકબીજાનું મોંહ મીઠું કરાવી જીતને વધાવી લીધી હતી.

### નિર્મલા સીતારમણ સહિત

## દેશની ૬ મહિલાઓને ફોર્બ્સના લિસ્ટમાં ટોપ-૧૦૦ તાકાતવર મહિલાઓમાં સ્થાન

નવીદિલ્હી,

ફોર્બ્સે ૧૦૦ સૌથી વધુ તાકાતવર મહિલાઓનું લિસ્ટ બહાર પાડ્યુ છે. જેમાં દેશના નાણાપ્રધાન નિર્મલા સીતારમણ, બાયોકોનના કાર્યકારી ચેયરપર્સન કિરણ મજૂમદાર-શો અને Nykaaની સંસ્થાપક ફાલ્ગુની નાયરને જગ્યા મળી છે. આ વાર્ષિક લિસ્ટમાં કુલ ૬ ભારતીય મહિલાઓને સ્થાન મળ્યું છે. સીતારમણ આ વખતે ૩૬માં સ્થાન પર રહી છે અને તેમને સતત ચોથી વખત આ લિસ્ટમાં પોતાની જગ્યા બનાવી છે. આ પહેલા ૨૦૨૧માં તે ૩૭માં સ્થાન પર રહ્યા હતા. ૨૦૨૦માં તે ૪૧માં અને ૨૦૧૯માં ૩૪માં સ્થાન પર હતા.

ફોર્બ્સ દ્વારા જાહેર કરવામાં આવેલા લિસ્ટ મુજબ આ વર્ષે મજૂમદાર-શો ૭૨માં સ્થાન પર છે. જ્યારે નાયર ૮૯માં સ્થાન પર છે. લિસ્ટમાં સામેલ બીજા ભારતીયોમા એચસીએલ ટેકની ચેયરપર્સન રોશની નાદર મલ્હોત્રા ૫૩માં સ્થાન પર છે. સેબીના ચેયરપર્સન માધવી પુરી બુચ ૫૪માં અને સ્ટીઓથોરિટી ઓફ ઈન્ડિયાના ચેયરપર્સન સોમા મંડલ ૬૭માં સ્થાન પર સામેલ છે.

આ લિસ્ટમાં ૩૯ સીઈઓ અને ૧૦ રાષ્ટ્ર્ધ્યક્ષ સામેલ છે. તે સિવાય તેમાં ૧૧ અરબપતિ સામેલ છે. જેમની કુલ સંપતિ ૧૧૫ અરબ ડોલર છે. ફોર્બ્સ વેબસાઈટ મુજબ ૪૧ વર્ષના મલ્હોત્રા એચસીએલ ટેકના તમામ રણનીતિક નિર્ણયોમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ પ્રકારે બૂચ સેબીની પ્રથમ મહિલા અધ્યક્ષ છે.

થોડા દિવસ પહેલા જ ફોર્બ્સ રીઅલ ટાઈમ બિલિયોનેરમાં મુકેશ અંબાણી છઠ્ઠા સ્થાનેથી સીધા ૯માં સ્થાને પહોંચ્યા હતા. ફોર્બ્સની યાદીમાં મુકેશ અંબાણી ૩ ક્રમ સુધી નીચે ઉતાર્યા છે. અંબાણીની નેટવર્થ ૫૦.૬૪ હજાર કરોડ ઘટી છે. બજારમાં કંપનીના શેરમાં ભારે વેચવાને કારણે મુકેશ અંબાણી વિશ્વની સૌથી ધનિકોમાં ક્રમ ઉપરથી નીચે આવી ગયા છે. મુકેશ અંબાણી ફોર્બ્સ રીઅલ ટાઈમ બિલિયોનેરમાં છઠ્ઠા સ્થાનેથી નવમા સ્થાને આવી ગયા છે.

ટેસ્લા ઈક અને સ્પેસએક્સના સ્થાપક એલોન મસ્ક વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. એક અહેવાલ મુજબ ટેસ્લા ઈંક. ના વડા અને અબજોપતિ ઉદ્યોગસાહસિક, મસ્ક એલોન એમેઝોનના સ્થાપક જેફ બેઝોસને પાછળ છોડી પૃથ્વીના સૌથી ધનિક વ્યક્તિ બન્યા છે. રિપોર્ટ અનુસાર ટેસ્લાના શેરમાં મસ્કની કુલ સંપત્તિ વધીને ૧૮૮.૫ અબજ ડોલર (રૂ. ૧,૩૮,૪૨,૭૮,૯૬,૭૫,૦૦૦) થઈ ગઈ છે, જે બેઝોસ કરતા ૧.૫ અબજ ડોલર વધારે છે.

## કોંગ્રેસ અધ્યક્ષે હિમાચલ ચૂંટણીમાં જીતનો શ્રેય ભારત જોડો યાત્રાને આપ્યો, રાહુલે લોકોનો હૃદયપૂર્વક આભાર માન્યો

નવીદિલ્હી,

ગુજરાત અને હિમાચલ પ્રદેશના ચૂંટણી પરિણામો વચ્ચે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનું નિવેદન આવ્યું છે. હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસના સારા પ્રદર્શનનો શ્રેય તેમણે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રાને આપ્યો છે.

બીજી તરફ ગુજરાત ચૂંટણી પરિણામો પર સવાલ પૂછવામાં આવતા ખડગેએ કહ્યું કે લોકશાહીમાં જીત અને હાર હોય છે. તમને જણાવી દઈએ કે ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨માં કોંગ્રેસની હાલત ખરાબ હતી. તે ૧૫-૧૭ બેઠકો સુધી મર્યાદિત હોવાનું જણાય છે. બીજી તરફ હિમાચલ પ્રદેશમાં અત્યાર સુધીના ટ્રેન્ડમાં કોંગ્રેસને ૩૯ સીટો સાથે બહુમતી મળી છે. ચૂંટણી પરિણામો વિશે વાત કરતા ખડગેએ કહ્યું કે અમે હિમાચલ પ્રદેશની ચૂંટણી જીતી છે. આ માટે મતદારો, કાર્યકરો અને આગેવાનોનો આભાર. હું પ્રિયંકા ગાંધી અને રાહુલ ગાંધીનો પણ આભાર માનું છું. આ જીતમાં ભારત જોડો યાત્રાએ અમને મદદ કરી. સોનિયા ગાંધીના આશીર્વાદ પણ અમારી સાથે છે. આ પછી ખડગેને ગુજરાત ચૂંટણીમાં કોંગ્રેસના ખરાબ પ્રદર્શન અંગે સવાલ કરવામાં આવ્યો હતો. તેના પર તેણે કહ્યું કે હું આનો શ્રેય નથી લઈ રહ્યો. લોકશાહીમાં જીત અને હાર છે. આ આપણા વિચારોની લડાઈ છે. અમે ખામીઓને સુધારીશું અને લડત ચાલુ રાખીશું.

ખડગેએ ચૂંટણીના પરિણામો પર ટ્વીટ પણ કર્યું. અહીં તેમણે લખ્યું, અમારા તમામ કાર્યકરો અને પદાધિકારીઓનો આભાર. લોકશાહીમાં જીત અને હાર હોય છે, અમે ગુજરાતની જનતાનો જનાદેશ સ્વીકારીએ છીએ. અમારી વિચારધારા સાથે સમાધાન કર્યા વિના, અમે લડતા રહીશું અને ખામીઓને દૂર કરીશું.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીએ પણ પરિણામો પર ટ્વીટ કર્યું છે. તેણે લખ્યું, 'આ નિર્ણાયક જીત માટે હિમાચલ પ્રદેશના લોકોનો હૃદયપૂર્વક આભાર. કોંગ્રેસના તમામ કાર્યકરો અને આગેવાનોને હાર્દિક અભિનંદન. તમારી મહેનત અને સમર્પણ આ જીત માટે શુભેચ્છાઓને પાત્ર છે. હું ફરીથી ખાતરી આપું છું કે, જનતાને આપેલા દરેક વચનને વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે.

જણાવી દઈએ કે રાહુલ ગાંધી હાલ કોંગ્રેસ પાર્ટીની ભારત જોડો યાત્રા પર છે. આ યાત્રા ૩૫૦૦ કિલોમીટર લાંબી છે. જેમાં રાહુલ ગાંધી કન્યાકુમારીથી જમ્મુ કાશ્મીર જશે. આ યાત્રા લગભગ ૧૫૦ દિવસમાં પૂર્ણ કરવાનું લક્ષ?ય રાખવામાં આવ્યું છે. આ દરમિયાન યાત્રાએ ૧૨ રાજ્યોમાંથી પસાર થવું પડશે. હાલમાં આ યાત્રા રાજસ્થાન પહોંચી છે.

## ક્લાઈમેટ ચેન્જ-નેપાળની સસ્તી ચાથી દાર્જિલિંગના ચાના બગીચા સંકટમાં, ૯૮૮ કરોડનું પેકેજ માગ્યું

દાર્જિલિંગ,

ચીન પર ચાની આત્મનિર્ભરતાને ઘટાડવા માટે ૧૯મી સદીમાં અંગ્રેજી શાસનમાં વિકસિત દાર્જિલિંગના ચાના બગીચા હાલમાં નાણાકીય સંકટમાં છે. અડધાથી વધુ ચારના બગીચા દેવાળું ફૂંકવાના આરે છે. એવી સ્થિતિ વચ્ચે ચાના ઉત્પાદકોની નિયામક સંસ્થા ભારતીય ચાય બોર્ડે કેન્દ્ર સરકાર પાસેથી ૯૮૮ કરોડ રૂપિયાના ખાસ પેકેજની માગ કરી છે.

ચીન બાદ દુનિયામાં બીજા સૌથી મોટા ચા ઉત્પાદક ભારતમાં ૫૫ હજાર શ્રમિકો આ ઉદ્યોગ સાથે જોડાયેલા છે. ચાના બગીચાઓની સામે બે મુખ્ય સમસ્યાઓ છે. પહેલી સમસ્યા નેપાળની દાર્જિલિંગ ચાના નામથી વેચવામાં આવતી સસ્તી ચા મોટા પ્રમાણમાં નેપાળથી સીધી વિદેશમાં ભારતીય ઉત્પાદન તરીકે નિકાસ કરી દેવામાં આવે છે. તસ્કરીથી દાર્જિલિંગ ચાના રૂપમાં સસ્તી ચા વેચવામાં આવે છે. આવી સ્થિતિમાં બંગાળની અસલી દાર્જિલિંગ ચાનો ઉત્પાદન ખર્ચ નેપાળની ચાની સરખામણીમાં વધારે છે.

દર વર્ષે દાર્જિલિંગ ચાના લેબલની સાથે બે કરોડ કિલો ચાનું વેચાણ થાય છે. પરંતુ હકીકતમાં દાર્જિલિંગ ચાના બગીચામાં એક કરોડ કિલો ચા જ ઉગાડવામાં આવે છે. મુક્ત વેપાર સમજૂતી દાર્જિલિંગ ચાની દાણચોરીને રોકવામાં અડચણરૂપ છે.

બીજી બાજુ ક્લાઈમેટ ચેન્જથી ચાનું ઉત્પાદન ઘટી રહ્યું છે. દાર્જિલિંગ ટી રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરના અભ્યાસમાં કહેવામાં આવ્યું છે કે દાર્જિલિંગ જિલ્લાના કુર્સિયોંગમાં સરેરાશ તાપમાન ૦.૫ ડિગ્રી વધ્યું છે. દાર્જિલિંગ ચાની પાસે જ જીઆઈ ટેગ છે. બંગાળના દાર્જિલિંગ અને કલિમ્પોંગમાં ૬૦૦થી ૨૦૦૦ મીટરની ઊંચાઈ પર ઉગાડવામાં આવતી ચાને જ દાર્જિલિંગ ચા ગણવામાં આવે છે. ચા બોર્ડે ૮૭ બગીચાઓને જ દાર્જિલિંગ ચા માટે લાઈસન્સ આપ્યાં છે.

## ભારત તાકિદે ઈસાનની ક્ષમતાથી વધુ પ્રભાવવાળી ગરમીનો અનુભવ કરી શકે છે : વિશ્વ બેંક

તિરૂવનંતપુરમ,

ભારતમાં ગત કેટલાક દાયકામાં હજારો લોકોના મોત માટે જવાબદાર લુનો પ્રકોપ ચિંતાજનક ગતિથી વધી રહ્યો છે અને ભારત તાકિદે એવી ભીષણ ગરમ હવાઓનો સામનો કરનાર દુનિયાનો પહેલો દેશ હશે જે ઈસાનની સહનની સીમાથી બહાર હશે એક નવા રિપોર્ટમાં આ ચેતવણી આપવામાં આવી છે વિશ્વ બેંકની ભારતમાં શીતલન વિસ્તારમાં જળવાયુ રોકાણના અવસર શીર્ષક વાળા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દેશ અપેક્ષાકૃત વધુ ગરમીનો સામનો કરી રહ્યું છે જે તાદિકે શરૂ થઈ જાય છે અને અનેક વધુ સમય સુધી રહે છે.




રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે એપ્રિલ ૨૦૨૨માં ભારત સમય કરતા પહેલા લુની ચપેટમાં આવી ગયું હતું જેથી સામાન્ય જનજીવન અટકી ગયું હતું અને રાજધાની નવીદિલ્હીમાં તો તાપમાન ૪૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું માર્ચ મહીનો તાપમાનમાં અપ્રત્યાશિત વધારાનું સાક્ષી બન્યુ હતું અને આ ઈતિહાસનો સૌથી ગરમ માર્ચ મહીનો બની રહ્યો હતો.

આ રિપોર્ટ તિરૂવનંતપુરમાં કેરલ સરકારની સાથે ભાગીદારીમાં વિશ્વ બેંક દ્વારા આયોજિત બે દિવસીય ભારત જળવાયુ અને વિકાસ ભાગીદારોની બેઠકમાં જારી કરવામાં આવ્યો હતો.રિપોર્ટમાં આશંકા વ્યકત કરવામાં આવી હતી કે ભારતમાં તાકિદે લુની તીવ્રતા તે સીમાને પાર કરી જશે જે ઈસાનને સહન કરવા યોગ્ય નહીં હોય તેમાં કહેવામાં આવ્યું છે કે ઓગષ્ટ ૨૦૨૧માં જળવાયુ પરિવ્રતન પર અંતર સરકારી પેનલના છઠ્ઠા આંકલન રિપોર્ટમાં ચેતવણી આપુવામાં આવી છે કે ભારતીય ઉપમહાદ્રીપમાં આવનારા દાયકામાં ભીષણ લુને કારણે વધુમાં વધુ મામલા સામે આવશે.

રિપોર્ટ અનુસાર જી ૨૦ કલાઈમેટ રિસ્ક એટલસે પણ ૨૦૨૧માં ચેતવણી આપી હતી કે જો કાર્બન ઉત્સર્જનનું સ્તર વધુ બની રહેશે તો સમગ્ર ભારતમાં ૨૦૩૬થી ૨૦૬૫ની વચ્ચે લુ ૨૫ ગણુ વધારે વધુ સમય સુધી રહેવાની આશંકા છે આ આકલન આઈપીસીસીના સૌથી ખરાબ ઉત્સર્જન પરિદ્રશ્યને ધ્યાનમાં રાખી કરવામાં આવ્યું હતું.રિપોર્ટમાં ચેતવણી આપવામાં આવી છે કે ભારતમાં વધતી ગરમી આર્થિક ઉત્પાદકતામાં કમી લાવી શકે છે.તેમાં કહેવામાં આવ્યું છે કે ભારતના ૭૫ ટકા કાર્યદળ એટલે લગભગ ૩૮ કરોડ લોકો એવા ક્ષેત્રોમાં કામ કરે છે જેમાં તેમણે ગરમ વાતાવરણમાં રહેવુ પડે છે.અનેકવાર તેમને જીવન માટે સંભવિત રીતે ખતનાક તાપમાનમાં કામ કરવું પડે છે ૨૦૩૦ સુધી ગરમીના તનાવથી સંબંધિત ઉત્પાદકતામાં ઘટાડાને કારણે વૈશ્વિક સ્તર પર જે આઠ કરોડ નોકરીઓ જવાનું અનુમાન વ્યકત કરવામાં આવ્યું છે તેમાંથી ૩.૪ કરોડ નોકરીઓ ભારતમાં જશે

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે દક્ષિણ એશિયાઈ દેશોમાં ભારે શ્રમ પર ગરમીની સૌથી વધુ અસર ભારતમાં જોવામાં આવી છે જયાં વર્ષભરમાં ૧૦૧ અબજ કલાક ગરમીના કારણે બરબાદ થાય છે. વૈશ્વિક પ્રબંધન સલાહકાર ફર્મ મૈકિન્સે એન્ડ કંપની દ્વારા કરવામાં આવેલા અભ્યાસથી જાણવા મળે છે કે વધતી ગરમી અને બફારો થનારા શ્રમનું નુકસાન આ દાયકાના અંત સુધી ભારતના જીડીપીના ૪.૫ ટકા એટલે કે લગભગ ૧૫૦-૨૫૦ અબજ અમેરિકી ડોલર ખતરામાં હશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.92

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠક ઉપર ભાજપનો ભગવો લહેરાયો



જેઠાભાઈ ભરવાડ ૪૭૦૯૬ ની લીડથી જીત.



નિમિષાબેન સુથાર ૪૮૮૭૭ ની લીડથી જીત.



સી.કે. રાઉલજી ૩૪૪૯૬ ની લીડથી જીત.



જયદ્રથસિંહ પરમાર ૪૧૫૭૧ ની લીડથી જીત.



ફતેસિંહ ચૌહાણ ૧૧૫૬૭૯ ની લીડથી જીત.

ગોધરા, પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ઉપર ભાજપના ઉમેદવારોનો ભવ્ય વિજય થયો છે. જ્યારે કોંગ્રેસમાં સુપડા સાફ થઈ ગયા છે. ભાજપનો ભવ્ય વિજય થતાં સમર્થકો સાથે વિજેતા ઉમેદવારોના ભવ્ય વિજય સરઘસ નિકળ્યા હતા.

પંચમહાલ જીલ્લાની પાંચ વિધાનસભા બેઠકો ઉપર ભાજપનો ભગવો લહેરાયો છે. ગોધરા બેઠક ઉપર કોંગ્રેસના રશ્મિતાબેન ચૌહાણને કારમી હાર આપી ભાજપના સી.કે.રાઉલજી ભવ્ય વિજય થયો છે. શહેરા વિધાનસભા બેઠક ઉપર કોંગ્રેસના ખાતુભાઈ પગીનો કારમી હારનો સામનો કરવો પડયો. જ્યારે ભાજપના જેઠાભાઈ ભરવાડ (આહિર)નો મોટી લીડ સાથે ભવ્ય વિજય થયો. કાલોલ વિધાનસભા બેઠક ઉપર કોંગ્રેસના પ્રભાતસિંહ ચૌહાણની કારમી હાર થઈ છે. તેની સામે ભાજપના ઉમેદવાર ફતેસિંહ ચૌહાણનો સૌથી વધુ લીડથી વિજેતા થયા છે. મોરવા(હ) બેઠક ઉપર ત્રિપાંખીયો જંગ હતો. તેમાં કોંગ્રેસ અને આપ પાર્ટીના ઉમેદવાર હરાવીને ભાજપના નિમિષાબેન સુથારનો વિજય થયો છે. પંચમહાલ પાંચ વિધાનસભા બેઠકો ઉપર વિજેતા થયેલા ભાજપના વિજેતા ઉમેદવારોએ સમર્થકો સાથે ભાજપ અને પોતાને મળેલ ભવ્ય જીત માટે મતદારોના આભાર વ્યકત કરવા માટે વિજય સરકસ કાઢીને મત વિસ્તારમાં ફર્યા હતા.

## પંચમહાલ જીલ્લાની પાંચ બેઠક ઉપર વિજેતા ઉમેદવારે મેળવેલ મત...

**ગોધરા વિધાનસભા બેઠક**

| | | |
|---|---|---|
| ભાજપ | સી.કે.રાઉલજી | ૯૬,૨૨૩ (જીત) |
| કોંગ્રેસ | રશ્મિતાબેન ચૌહાણ | ૬૧,૦૨૫ |
| આપ પાર્ટી | રાજેશભાઈ પટેલ | ૧૧,૮૨૭ |
| મીમ | હશન કાચબા | ૯,૫૦૮ |
| નોટા | | ૩,૫૪૮ |

**મોરવા(હ) વિધાનસભા બેઠક**

| | | |
|---|---|---|
| ભાજપ | નિમિષાબેન સુથાર | ૮૧,૮૯૭ (જીત) |
| કોંગ્રેસ | સ્નેહલતાબેન ખાંટ | ૨૨,૧૮૪ |
| આપ પાર્ટી | ભાણાભાઈ ડામોર | ૩૩,૦૨૦ |
| નોટા | | ૨,૫૬૯ |

**કાલોલ વિધાનસભા બેઠક**

| | | |
|---|---|---|
| ભાજપ | ફતેસિંહ ચૌહાણ | ૧,૪૧,૬૮૬ (જીત) |
| કોંગ્રેસ | પ્રભાતસિંહ ચૌહાણ | ૨૬,૦૦૭ |
| આપ પાર્ટી | દિનેશ બારીયા | ૯,૩૯૩ |
| નોટા | | ૩,૯૯૨ |

**શહેરા વિધાનસભા બેઠક**

| | | |
|---|---|---|
| ભાજપ | જેઠાભાઈ ભરવાડ (આહિર) | ૧,૦૭,૭૭૫(જીત) |
| કોંગ્રેસ | ખાતુ પગી | ૬૦,૪૯૪ |
| આપ પાર્ટી | તખતસિંહ સોલંકી | ૬,૪૬૧ |
| નોટા | | ૪,૭૦૧ |

**હાલોલ વિધાનસભા બેઠક**

| | | |
|---|---|---|
| ભાજપ | જયદ્રથસિંહ પરમાર | ૧,૦૦,૭૫૩ (જીત) |
| કોંગ્રેસ | અનિશાભાઈ બારીયા | ૬,૯૫૪ |
| આપ પાર્ટી | ભરત રાઠવા | ૨૧,૭૮૮ |
| અપક્ષ | રામચંદ્ર બારીયા | ૫૮,૦૪૮ |
| નોટા | | ૨,૭૨૭ |

## પંચમહાલ જીલ્લામાં ભાજપના જીતેલા ઉમેદવારો દ્વારા ઠેર-ઠેર વિજય સરઘસ કાઢ્યા












ગોધરા, ગોધરા શહેરના છબનપુરની ઈજનેર કોલેજ ખાતે પંચમહાલ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠકો માટે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં પંચમહાલ જિલ્લાના શહેરા, મોરવા હડફ, ગોધરા, કાલોલ અને હાલોલ બેઠક પર કમળ ખીલ્યું છે. જયારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોને હાર સ્વીકારવી પડી છે. પંચમહાલ જિલ્લામાં ફરી એકવાર પંચમહાલ જિલ્લાની જનતાએ ભાજપના શાસનમાં વિશ્વાસ મૂક્યો છે.

ઉમેદવારનું જનતા દ્વારા ઠેર–ઠેર સ્વાગત ખાસ કરીને વર્તમાન વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને એન્ટી કમબન્સી આમ આદમી પાર્ટી વોટ બગાડે તેવું અનુમાન સદંતર ખોટું પડ્યું હતું. પંચમહાલ જિલ્લાની પાંચ વિધાનસભા બેઠક ઉપર ભાજપના ઉમેદવારોનો એક બાદ એક પરિણામ આવતા ગયા તેમ–તેમ પંચમહાલ જિલ્લાની જનતામાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ત્યારે બીજી બાજુ વિજેતા ઉમેદવારનું શહેરની જનતા દ્વારા ઠેર–ઠેર સ્વાગત કરાયું હતું.

વિજેતા ઉમેદવારોને હાર તોરણ કરાયા ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પંચમહાલ જિલ્લાની બેઠકના આજે પરિણામ જાહેર થતાં કંઈ ખુશી કહી ગમનો માહોલ જોવા મળ્યો હતો. જીતેલા ઉમેદવારોએ ડીજેના સથવારે વિજય સરઘસ કાઢ્યા હતા. પંચમહાલ જિલ્લાની વાત કરીએ તો અહીં છબનપુર ગામે ઈજેનર કોલેજ ખાતે મત ગણતરી સવારના આઠ કલાકે શરૂ કરવામાં આવી હતી. સૌ પ્રથમ બેલેટ પેપરના મત ગણવામાં આવ્યા હતા. તમામ પાંચ બેઠક પર ભાજપના ઉમેદવારોએ લીડ મેળવી લીધી હતી. આ સાથે ઉમેદવારો તથા તેમના ટેકોદારો ખુશીથી ઝૂમી ઉઠ્યા હતા. વિજેતા ઉમેદવારોને હાર તોરણ કરાયા હતા. જે બાદ વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું. વિજેતા ઉમેદવારને તેના મતવિસ્તારમાં સરઘસ લઈને પહોંચતા તેનું સ્વાગત કરાયુ હતુ.

## મુખ્યમંત્રીના ૧૮ મંત્રી જીત્યા, ૧ હાર્યા : ભૂપેન્દ્રભાઈને સૌથી વધુ ૧ લાખ ૯૨ હજારની લીડથી જીત્યા



અમદાવાદ, ગુજરાત વિધાનસભા ચૂંટણીના ચોંકાવનારાં પરિણામો આવ્યાં છે ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારના ૨૦ મંત્રીમાંથી ૧૯ મંત્રી જીતી ગયા છે. મોટા ભાગનું મંત્રીમંડળ જીતી ગયું હોય એવું કદાચ પહેલીવાર બન્યું હશે. જિતુ વાઘાણી, જિતુભાઈ ચૌધરી અને દેવાભાઈ માલમ શરૂઆતના તબક્કામાં પાછળ ચાલી રહ્યા હતા, પણ મતગણતરી આગળ વધતી ગઈ એમ એમ તમામ મંત્રીઓ જીત તરફ આગળ વધતા ગયા. જ્યારે વીસનગર બેઠક પર ઋષિકેશ પટેલ પહેલેથી પાછળ ચાલી રહ્યા હતા.

ઓગસ્ટ-૨૦૨૧માં ગુજરાતમાં વિજય રૂપાણીના રાજીનામા બાદ ભારતીય જનતા પાર્ટીમાં જોરદાર હલચલ જોવા મળી હતી. રાજ્યમાં નવા મુખ્યમંત્રીને લઈને તડામાર તૈયારીઓ શરૂ થઈ હતી. કમલમમાં બેઠકોનો દૌર ચાલી રહ્યો હતો અને કયું નામ સામે આવે છે તેની રાહ જોવામાં આવી રહી હતી ત્યારે કેન્દ્રથી બે નેતા નરેન્દ્ર સિંહ તોમર અને તરુણ ચુગ નિરીક્ષક તરીકે ગુજરાતમાં આવ્યા હતા. કમલમમાં તમામ ધારાસભ્યોને બોલાવી લેવામાં આવ્યા. વિજય રૂપાણી, પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ પણ ઉપસ્થિત હતા અને નવા મુખ્યમંત્રી તરીકે કોણ આવશે એના પર સૌની મીટ મંડાયેલી હતી. કમલમમાં જે ઓડિટોરિયમમાં મીટિંગ હતી ત્યાં છેક પાછળ ભૂપેન્દ્ર પટેલ બેઠા હતા. તેમને સહેજ પણ ખ્યાલ નહોતો અને મુખ્યમંત્રી તરીકે તેમના નામની ઘોષણા કરવામાં આવશે. સવારે તેઓ બોપલમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં ગયા હતા અને સાંજે મુખ્યમંત્રી બની ગયા. પછી તો વિજય રૂપાણીના તમામ મંત્રીઓને ઘરે બેસાડી દેવામાં આવ્યા અને ભૂપેન્દ્ર પટેલ સરકારમાં નવા ધારાસભ્યોને સ્થાન મળ્યું.

ભૂપેન્દ્ર પટેલ સરકારમાં જે-જે મંત્રીઓ આવ્યા તેમણે વાયદા કર્યા, પૂરા ન થયા. કોઈ મંત્રીએ અચાનક ક્યાંક તપાસ કરી તો કોઈએ આકરા નિર્ણયો લીધા અને પક્ષને જવાબ આપવો અઘરો પડે તેવા નિવેદનો પણ આપ્યા. આ બધા વચ્ચે મંત્રીઓ રાજેન્દ્ર ત્રિવેદી અને પૂર્ણેશ મોદી પાસેથી ખાતાં લઈ લેવામાં આવ્યાં. આ રીતે પટેલની સરકારના મંત્રીઓ વિવાદમાં પણ રહ્યા.

ભૂપેન્દ્ર પટેલ સહિત સરકારમાં ૨૫ મંત્રી હતા અને તેમાંથી પાંચ મંત્રીની ટિકિટ કાપી નાખવામાં આવી, જેમાં રાજેન્દ્ર ત્રિવેદી, અરવિંદ રૈયાણી, પ્રદીપ પરમાર, બ્રિજેશ મેરજા અને સુરતની મહુવા સીટના ધારાસભ્ય અને મંત્રી રાઘવ મકવાણાની ટિકિટ કાપી નાખવામાં આવી. ૨૦૨૨માં ૨૦ મંત્રીને ફરીવાર ટિકિટ આપવામાં આવી હતી.

વિજય રૂપાણીની સરકારમાં જેમ કુંવરજી બાવળિયા, જવાહર ચાવડા અને ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા) આયાતી મંત્રીઓ હતા એવી રીતે ભૂપેન્દ્ર પટેલ સરકારમાં બ્રિજેશ મેરજા અને જિતુભાઈ ચૌધરી આયાતી મંત્રીઓ હતા. આ બંને ૨૦૧૭માં કોંગ્રેસમાંથી જીત્યા હતા અને પક્ષ બદલીને બંને કોંગ્રેસમાંથી ભાજપમાં જોડાયા હતા. ૨૦૨૦માં થયેલી પેટાચૂંટણીમાં બ્રિજેશ મેરજા મોરબીથી અને વલસાડના કપરડાથી જિતુભાઈ ચૌધરી ભાજપમાંથી લડ્યા અને જીતી ગયા હતા. પછી બંને ભૂપેન્દ્ર પટેલ સરકારમાં મંત્રી બન્યા. ભૂપેન્દ્ર પટેલ એ વખતે સૌથી વધારે ૧,૧૭,૭૫૦ મતથી જીત્યા હતા, જ્યારે કોંગ્રેસમાંથી જિતુભાઈ ચૌધરી માંડ ૧૭૦ મતથી જીત્યા હતા. એટલે સૌથી વધારે માર્જિનથી જીતેલા મુખ્યમંત્રી હતા તો સૌથી ઓછા માર્જિનથી જીતેલા આ જ સરકારમાં મંત્રી હતા.

## ગુજરાત કોગ્રેસના પ્રભારી રઘુ શર્માએ હારનો સ્વીકાર કરી આપ્યુ રાજીનામુ

અમદાવાદ, ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોગ્રેસની નાલેશીભરી હાર થતા રાજીનામાનો દોર શરુ થયો છે. ગુજરાત કોગ્રેસના પ્રભારી રઘુ શર્માએ પરાજયનો સ્વીકાર કરતા ગુજરાત પ્રદેશ પ્રભારી પદેથી રાજી નામું આપી દીધુ છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં કોગ્રેસને ૧૬ બેઠકો જ મળી છે. એટલે તે હવે વિરોધ પક્ષમાં પણ બેસવા પુરતી સીટો પણ નથી જીતી શકી.

આ હારનો સ્વીકાર કરીને રઘુ શર્માએ રાજી નામું આપી દિધુ છે. રઘુ શર્માએ એવું જણાવ્યું કે ગુજરાતમાં અમારી અપેક્ષા પ્રમાણે રિઝલ્ટ આવ્યું નથી. હું પરાજયની જવાબદારી સ્વીકારતા મારા હોદ્દા પરથી રાજીનામું આપું છું. ગુજરાત વિધાનસભાની બે તબક્કામાં ૧ અને ૫ ડિસેમ્બરના રોજ ચૂંટણ યોજાઈ હતી જેના પરીણામો આજે જાહેર થયા હતા. જેમા ભારતીય જનતા પાર્ટીને ૧૫૧ પ્લસ સીટ મળતી જોવા મળે છે જ્યારે કોગ્રેસ ૧૬ આમ આદમી પાર્ટી ૫ અને અન્યઉ બેઠકો પર જીત મેળવી શકી છે.

## ૨૦૨૨નો જનાદેશ/ભગવા રંગે રંગાયું ગુજરાત : વડાપ્રધાન અને ગૃહમંત્રીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને શુભેચ્છા પાઠવી

અમદાવાદ, ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં ભાજપનો વિજય થયો છે અને ગુજરાત ચુંટણીનો ઈતિહાસ તોડી નાંખી ફરી સત્તા હાંસલ કરી છે અમદાવાદમાં કોંગ્રેસની માત્ર બે બેઠક પર જીતી શકી છે શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ૧૩ બેઠકો ભાજપના ફાળે ગઈ છે ધાટલોડિયા બેઠક પરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની જીત થઈ છે તો શહેરની નારણપુરા, વેજલપુર, સાબરમતી, નિકોલ અને એલિસબ્રિજ પર ભાજપની જીત થઈ છે. અમદાવાદમાં માત્ર જમાલપુર અને દાણીલીમડા બેઠક પર જ કોંગ્રેસ જીતી શકી છે. પીએમ મોદીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને શુભેચ્છા પાઠવી છે.

વડાપ્રધાન મોદીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે વાત કરી છે અને પીએમ મોદીએ મુખ્યમંત્રીને શુભેચ્છા પાઠવી છે. ગૃહમંત્રી અમિત શાહે પણ મુખ્યમંત્રીને શુભેચ્છા પાઠવી છે. ગુજરાતમાં રેકોર્ડબ્રેક જીત માટે શુભકામના પાઠવીગુજરાતમાં રેકોર્ડબ્રેક જીત માટે ગૃહમંત્રી અમિત શાહે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને શુભેચ્છા પાઠવી છે.ગુજરાતની અનેક બેઠક પર અણધાર્યા પરિણામો આવ્યા છે.